**આજનો સુવિચાર**

જો સંબંધમાં પુરેપુરો વિશ્વાસ, ઈમાનદારી અને સમજદારી હોય તો, તેને નિભાવવા માટે વચન, સોગંધ કે કોઈ શરતની જરૂર નથી

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૫ અંક : ૨૦૬ જૂનાગઢ તા.૧૩-૮-૨૦૨૧ શુક્રવાર પાના : ૮ કિંમત ૧.૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, સેન્ટ્રલ જેઈલ રોડ, જૂનાગઢ. ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ


# શેરબજારમાં દિવાળી પહેલા આતશબાજી : સેન્સેકસે ૫૫૦૦૦ની સપાટી વટાવી

મુંબઈ, તા. ૧૩ :. મુંબઈ શેરબજારમાં આજે દિવાળી જેવો માહોલ જોવા મળી રહ્યો છે. આજે કારોબારી સપ્તાહના અંતિમ દિવસે શેરબજારે આજે એક નવો ઈતિહાસ રચ્યો છે અને બીએસઈ સેન્સેકસ પહેલીવાર ૫૫૦૦૦ઉપર પહોંચ્યો છે. જ્યારે નિફટી પણ ૧૬૪૦૦ની ઉપર ટ્રેડ કરી રહ્યો છે.

રોકાણકારો દ્વારા વિજળી, આઈટીઅને બેન્કીંગ શેરોમાખરીદી કરવામાં આવતાબજારમાં તેજીજોવા મળી રહી છે. આ લખાય છે ત્યારે સેન્સેકસ ૨૩૬ પોઈન્ટ વધીને ૫૫૦૮૦ અને નિફટી ૭૨ પોઈન્ટ વધીને ૧૬૪૩૬ ઉપર ટ્રેડ કરે છે. આઈટી શેરોમાં પણ ખરીદી જોવા મળી રહી છે. આજે સેન્સેકસ ૫૪૯૧૧ઉપર તો નિફટી ૧૬૯૮૫ ઉપર ખૂલ્યો હતો. હવે નિફટીનું નવુ સ્તર ૧૬૫૦૦ થાય તેવી શકયતા છે.

બજાજ ઓટો ૩૮૧૮, આઈટીસી ૨૧૧, મહિન્દ્રા ૭૮૪, લાર્સન ૧૬૩૮, વક્રાંગી ૪૦, સુપ્રા એન્જી. ૩૪૦, ઈન્ડીયા ગ્લાય ૭૩૨, પ્રિકોલ૯૨, વોકહાર્ટ૫૧૩, હિન્દુ કન્સ્ટ્ર. ૧૦, ટ્રાઈડન્ટ ૨૧, સનફાર્મા૭૭૬, પાવર ગ્રીડ ૧૮૫, એરટેલ ૬૧૯, રેલીગેર ૧૫૦, વીઆઈપી ૪૪૮, ડીશ ટીવી ૧૩ ઉપર ટ્રેડ કરે છે. ફુગાવો કાબુમાં આવતા અને ઔદ્યોગીક ઉત્પાદનના આંકડા સાનુકુળ આવતા બજારે જોરદાર છલાંગ લગાવી છે.

## દેશની ૧૭ હાઈકોર્ટમાં સુપ્રિમ કોર્ટનાં ૪૮ વકીલોની જજ તરીકે નિમણુંક

નવી દિલ્હી તા. ૧૩

સુપ્રીમ કોર્ટ બાર એશોશિએશન દ્વારા દેશની જુદી જુદી ૧૭ હાઈકોર્ટમાં જજ તરીકે નિમણુંક આપવા સુપ્રીમ કોર્ટના ૪૮ વકીલોની પસંદગી કરવામાં આવીછે. જુદી જુદી ૬ તારીખોએ મળેલી એશોશિએશનની એક્ઝિક્યુટિવ કમિટીની મિટિંગમાં વિડિઓ કોન્ફરન્સથી પસંદ કરાયેલા ૬૯ વકીલો પૈકી આખરી યાદીમાં ૪૮ વકીલોને સ્થાન અપાયું હતું. જુદા જુદા રાજ્યોનીઆ યાદીમાંઅલ્હાબાદ હાઈકોર્ટ માટે ૯ નામો, પંજાબ અને હરિયાણાહાઈકોર્ટ માટે ૬, પટના અને કલકત્તા હાઈકોર્ટમાટે ૫-૫, ઉત્તરાખંડ, ગૌહાટી, દિલ્હી અને ઝારખંડ હાઈકોર્ટ માટે ૩, બોમ્બે અને મદ્રાસ હાઈકોર્ટ માટે ૨ અને ૧ મણિપુર, કેરળ, રાજસ્થાન, તેલંગાણા, ઓરિસ્સા, કર્ણાટક અને જમ્મુ અને કાશ્મીર દરેક માટે એક સહીત કુલ ૪૮ નામોનીભલામણ કરવામાં આવી છે.

## બેન્નુ નામનો એસ્ટોરોઈટ પૃથ્વી સાથે ટકરાઈ શકે છે: નાસા

વોશીંગ્ટન તા. ૧૩

અમેરિકાની અંતરિક્ષ એજન્સી નાસાએ આ સપ્તાહની શરૂઆતમાં કહ્યું હતું કે, ન્યૂ યોર્કમાં એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગ જેટલું મોટું બેન્નૂ નામનું એક એસ્ટરોઇડ્સ પૃથ્વી સાથે ટકરાઈ શકે છે.

વૈજ્ઞાનિકોના અનુમાન મુજબ, આ એસ્ટરોઇડ્સ ૨૧૩૫ સુધીમાં પૃથ્વીના ૧૨૫,૦૦૦ માઈલની અંદર આવશે, જે પૃથ્વીથી ચંદ્રનું લગભગ અડધું અંતર છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે અહીં ચોક્કસ અંતર મહત્વનું છે. વૈજ્ઞાનિકોએ ચેતવણી આપી છે કે ૨૪ સપ્ટેમ્બર, ૨૧૮૨ નો દિવસ ખતરનાક સાબિત થઈ શકે છે. જો કે, બેન્નૂ પૃથ્વી સાથે ટકરાવાની સંભાવના માત્ર ૦.૦૩૭ ટકા છે. તેમણે ખાતરી પણ આપી છે કે તે વિલુપ્ત થવા જેવી ઘટના નહીં હોય, પરંતુ વિનાશ મોટા પ્રમાણમાં થઈ શકે છે. નાસામાં ગ્રહ સંરક્ષણ અધિકારી તરીકે ફરજ બજાવતા લિન્ડલી જોહન્સનનું કહેવું છે કે ક્રેટરનોઆકાર વસ્તુનાંઆકારનાં ૧૦થી ૨૦ ગણો હશે.

## અફઘાનિસ્તાનનાં બીજા સૌથી મોટા શહેર કંધાર ઉપર તાલીબાનનો કબ્જો

કાબુલ તા. ૧૩

તાલિબાને અફઘાનિસ્તાનના બીજા સૌથી મોટા શહેર કંધાર ઉપર કબજો કરી લીધો છે. ન્યૂઝ એજન્સી **AP**ના જણાવ્યા મુજબ, તાલિબાને અત્યારસુધીમાં ૩૪માંથી ૧૨ પ્રાંત ઉપર કબજો કર્યો છે. કંધાર ઉપર તાલિબાને ગુરૂવારે મોડી રાત્રે કબજો કર્યો છે. આ અંગે ભારતે અફઘાનિસ્તાનમાં રહેતા ભારતીયોનીસુરક્ષાને લઈને ગુરૂવારે એકવખતફરી એડવાઈઝરીબહાર પાડી છે. એમાં કહેવામાં આવ્યું છે કે ફલાઈટ બંધ થતાં પહેલાં ભારતીયો પરત ફરવાની વ્યવસ્થા કરે.

એક એજન્સીને નામ નહી આપવાની શરતે અફઘાનિસ્તાનના અધિકારીઓએ આ ઘટનાક્રમની માહિતી આપી છે. તાલિબાને ગુરૂવારે અફઘાનિસ્તાનના ત્રીજા સૌથી મોટા શહેર અને કાબુલની પાસે રણનીતિક પ્રાંતીય રાજધાની કંધાર ઉપર કબજો કરી લીધો છે. કંધારમાં થોડા સપ્તાહ પહેલાં જ અમેરિકન સૈન્યનું મિશન સમાપ્ત થયુંહતું. એ પછીથીઅહીં તાલિબાને કબજો કર્યો છે. હેરાત ઉપર કબજો જમાવ્યા પછી કંધારને જીતવું એ તાલિબાનની અત્યારસુધીની સૌથી મોટી સફળતા છે. તાલિબાને કંધાર પહેલાં અફઘાનિસ્તાનની ૩૪ પ્રાંતીય રાજધાનીમાંથી ૧૨ને એક સપ્તાહમાં જ કબજે કરી લીધી છે.

## જુલાઈમાં રીટેલ મોંઘવારી દર ઘટીને ૩ મહિનાનાં તળીયે : રાહત મળવાનાં સંકેતો

મુંબઈ તા. ૧૩ : કોરોના મહામારી વચ્ચે મોંઘવારીમાં પિસાઈ રહેલા લોકો માટે રાહતનાં સમાચાર છે. દેશમાં રિટેલ મોંઘવારી દર ઘટી રહ્યોછે અને તે જુલાઈમાં ઘટીને ત્રણ મહિનાને તળિયે આવી ગયો છે. કેન્દ્ર સરકાર દ્વારા આજે જાહેર કરાયેલા આંકડાઓ મુજબ જુલાઈ મહિનામાંકન્ઝ્યુમર પ્રાઈઝ ઈન્ડેક્સ (સીપીઆઈ)ની રીતે રિટેલ ઈન્ફલેશનનો રેટ માસિક સરખામણીએ ઘટીને ૫.૫૯ ટકાના સ્તરેઆવી ગયોછે જે જૂનમાં ૬.૨૬ ટકા હતો અને જુલાઈ ૨૦૨૦માં ૬.૭૩ ટકા હતો. ફૂડ ઈન્ફલેશન જુલાઈમાં માસિક તુલનાએ ઘટીને ૩.૯૬ ટકા નોંધાયો છે જે જૂનમાં ૫.૧૫ ટકા હતો. અગાઉ સતત બે મહિના દરમ્યાન ૬ ટકાની ઉપર રહ્યો હતો જે રિઝર્વ બેંક દ્વારા નિર્ધારિત લિમિટથી ઉપર હતો. ઉંચા મોંઘવારી દરની ચિંતા વ્યક્ત કરીને રિઝર્વ બેંકે સતત સાતમી વખત ધિરાણનીતિમાં વ્યાજદર ઘટાડવાનું ટાળ્યુ હતુ. પ્રવર્તમાન પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખતા ગત સપ્તાહે જાહેર થયેલી ધિરાણનીતિમાં રિઝર્વ બેંકે ચાલુ નાણાંકીય વર્ષ માટેનો રિટેલ મોંઘવારી દરનો અંદાજ વધારીને ૫.૭ ટકા કર્યો છે જે અગાઉ ૫.૧ ટકા હતો.

## સમાચાર રાઉન્ડ અપ

- પાર્કીંગની જગ્યા હોય તો જ વાહન ખરીદવાની પરવાનગી આપો : એકજ પરીવારને ૪-૫ વાહનખરીદવાનીપરવાનગી શા માટે? મુંબઈ હાઈકોર્ટે મહારાષ્ટ્ર સરકારનાં કાન આમળ્યા
- જમ્મુ - કાશ્મીરનાં કુલગામમાં એન્કાઉન્ટર : બે આતંકવાદી ઠાર : બે જવાન ઘાયલ : એકે-૪૭ સહિતનાં હથિયારોનો જથ્થો જપ્ત
- ચાલુ વર્ષે પાંચ સરકારી કંપનીઓ એરઈન્ડીયા, ભારત પેટ્રોલીયમ, બીઈએમએલ, શીપીંગ કોર્પોરેશન, કન્ટેનર કોર્પોરેશનનું ખાનગીકરણ કરવામાં આવશે
- કોરોના સામેનાં જંગમાં સફળતા : રીકવરી રેટ ૯૭.૫૦ટકા :એકટીવ કેસ માત્ર ૧.૨૦ ટકા
- ઈંગ્લેન્ડનાં પ્લેમાઉથ શહેરમાં અંધાધુંધ ગોળીબાર ૬નાં મોત
- ચેન્નાઈમાં બનેલી જઘન્ય ઘટના : ૭ વર્ષની બાળકીનુંદાદા, કાકા અને ભાઈએ યૌન શોષણ કર્યુ
- દિલ્હીમાં વધુ એક હેવાનિયતની ઘટના : ૬ વર્ષની દલિત બાળકી ઉપર સામુહિક દુષ્કર્મ
- જમ્મુ-કાશ્મીરનાં રાજોરીમાં ભાજપનાં નેતા જસબીરસિંહનાં ઘર ઉપર ગ્રેનેડ હુમલો : ચાર વર્ષનાં બાળકનું મોત
- મહારાષ્ટ્રમાં કોરોનાનાં ડેલ્ટા+ વેરીઅન્ટે બે વ્યકિતનો ભોગ લીધો

### આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવણીનાં ભાગરૂપે

## ‘ફીટ ઈન્ડીયા ફ્રીડમ રન’નાં રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમનો આજથી પ્રારંભ

નવી દિલ્હી તા. ૧૩

યુવા બાબતો અને રમત મંત્રાલય 'આઝાદી કા અમૃત મહોત્સવ- ભારત ૭૫ વર્ષની ઉજવણીના ભાગરૂપે સમગ્ર દેશમાં ફિટ ઈન્ડિયા ફ્રીડમ રન ૨.૦નું આયોજન કરી રહ્યું છે. કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી અનુરાગ ઠાકુર આવતીકાલે એટલે કે ૧૩ ઓગસ્ટ, ૨૦૨૧ના રોજ રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમ ફિટ ઈન્ડિયા ફ્રીડમરન ૨.૦ શરૂ કરશે. આ પહેલ દ્વારા ગાંધી જયંતિ બીજી ઑક્ટોબર સુધી સમગ્ર ભારતમાંથી ૭.૫૦ કરોડથી વધુ યુવાનો અને નાગરિકો દોડમાં ભાગ લેવા પહોંચશે.

કેન્દ્રીય યુવાબાબતો અને રમત મંત્રાલયના રાજ્ય મંત્રી નિસિથ પ્રમાનીક સાથે **CISF, BSF, CRPF, NYKS, NSG, ITBP, SSB** અને રેલવે જેવી સંસ્થાઓ વર્ચ્યુઅલ રીતે લોન્ચિંગ ઈવેન્ટમાં જોડાશે.

મંત્રાલય દ્વારા સત્તાવાર જાહેરાત કરવામાં આવ્યા મુજબ, કાર્યક્રમના લોન્ચિંગ દિવસે વિવિધ ઐતિહાસિક સ્થળોએ ૭૫ ઈવેન્ટ જોવા મળશે.

## ટાટા-ટી દ્વારા કલાકારોને સમર્થન આપવા વિશિષ્ટ કલેકશન રજુ કરાયું

મુંબઈ તા. ૧૩ : ભારતીય કળા સમુદાયને ધિરાણને ટેકો આપવા ટાટા ટીપ્રીમિયમે સ્થાનિક ભારતીય કલાકારોને પ્રોત્સાહન આપતા સ્ટાર્ટઅપ રેર પ્લેનેટ સાથે જોડાણમાં આ સ્વતંત્રતા દિવસે વિશિષ્ટ કલેકશન પ્રસ્તુત કર્યું છે. હસ્તચિત્રિત આ વિશિષ્ટ કુલ્હડના વેચાણમાંથી પ્રાપ્ત થનાર ભંડોળ કલાકાર સમુદાયને આપવામાં આવશે, જેથી તેમને હાલ મહામારીની માઠી અસરમાં નાણાકીય મદદ મળશે.

આ વિશિષ્ટ કુલ્હડ બિહારની મધુબની, મહારાષ્ટ્રની વરલી, પંજાબની ફુલ્કરી, ઓડિશાની પટચિત્ર, ઉત્તરપ્રદેશમાંથી સાંઝી વગેરે સ્થાનિક કળા સાથે બનાવવામાં આવ્યાં છે. દેશકુલ્હડ કલેકશનમાં ૨૬ વિશિષ્ટ કુલ્હડ ડિઝાઈનો સેલ છે, દરેક કુલ્હડ ભારતના વિવિધ વિસ્તારોનું પ્રતિનિધિત્વ કરે છે. દરેક વિસ્તારમાંથી લોકપ્રિય છાપ અને કળા ધરાવતી દરેક કુલ્હડ જે તે વિસ્તારના ચોક્કસ કળાના સ્વરૂપની ઉજવણી કરે છે. આ ખાસ હસ્તચિત્રિત કુલ્હડ ભારતના વિવિધતાસભર સાંસ્કૃતિક અને સમૃધ્ધ વારસાને દર્શાવે છે.

## ગાંધીનગર ખાતેથી નવી સ્ક્રેપ પોલિસીની જાહેરાત : ટેસ્ટીંગ બાદ કાર સ્ક્રેપ કરાશે : નવી ગાડી ઉપર છૂટ મળશે

### આગામી ૨૫ વર્ષ દેશ માટે અત્યંત મહત્વના : કચ્છમાં જુના વાહનો સ્ક્રેપ કરવા પાર્કની સ્થાપના કરાશે : વડાપ્રધાન

ગાંધીનગર તા. ૧૩

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આજે ૧૫ વર્ષ જૂના વાહનો માટે સ્ક્રેપ પોલિસીની જાહેરાત કરવામાં આવી છે. જેમાં વડાપ્રધાન મોદી પણ વીડિયો કોન્ફરન્સથી જોડાયા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ ઉપસ્થિત છે. નીતિન ગડકરીએ જાહેરાત કરતા જણાવ્યું કે, ‘ભાવનગરના અલંગ ખાતે દેશનો પ્રથમ સ્ક્રેપ પ્લાન્ટ શરૂ થશે. કેન્દ્રની નવી નીતિ ૧ ઓક્ટોબર ૨૦૨૧થી લાગુ થશે. જૂના વાહનોનું પ્રદૂષણ માત્ર ૧૦થી ૧૨ ટકા વધારે છે. કચ્છમાં જૂના વાહનો સ્ક્રેપ કરવા પાર્ક સ્થપાશે. હવે દેશભરમાં સ્ક્રેપ પોલીસી લાગુ થવા જઈ રહી છે.

આ પ્રસંગે વર્ચ્યુઅલ જોડાયેલા વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે ૭૫ મા સ્વતંત્રતા દિવસ પહેલા આજનો આ કાર્યક્રમ આત્મનિર્ભર ભારતના મોટા લક્ષ્યોને સાકાર કરવામાં એક મોટું કદમ છે. આ પોલીસી નવા ભારતની મોબોલિટીને ઓટો સેક્ટરને નવી ઓળખ આપશે. દેશમાં આ પોલીસીને કારણે સકારાત્મક પરિણામ આવશે.નવી સ્ક્રેપિંગ પોલીસી કચરાથી કંચનના અભિયાનની સક્યૂલર ઈકોનોમીની એક મહત્વની કડી છે.સ્ક્રેપિંગ પોલીસી સમયની માંગ છે. આ પોલીસીમાં ઉદ્યોગકારોની મોટી ભૂમિકા છે. આ પોલીસી ૧૦ હજાર કરોડથી પણ વધારે રોકાણ લાવશે. આગામી ૨૫ વર્ષ દેશ માટે મહત્વના છે. આ પોલીસી પર્યાવરણ માટે પણ જરૂરી છે. આગામી સમયમાં આપણાં વ્યાપારી જીવનમાં મોટા પરિવર્તનો આવશે.

કચ્છમાં જૂના વાહનના સ્ક્રેપ માટે પાર્ક બનશે. જૂના વાહનો પ્રદૂષણ વધારે છે અને રોડ સેફટીની પણ સમસ્યા છે. સ્ક્રેપ પોલિસીને જાપાન અને બેલઝિયમમાં લાગૂ કરવામાં આવી છે. એશિયાના દેશો સ્ક્રેપિંગ માટે ગુજરાતમાં સ્ક્રેપ મોક્લશે જે કંડલાના માધ્યમથી ગુજરાતમાંઆવશે. જૂના વાહનોનો નિકાલ કરવા માટે ગુજરાતમાં ચારથી પાંચ સ્થળોએ ભંગાર વાડા બનાવવામાં આવશે. સ્ક્રેપમાં વાહન કાઢી નાખનારાઓને આપવામાં આવનારા પ્રમાણપત્ર ઉપર તેમને નવા વાહનની ખરીદી બાદ રોડ ટેક્સમાં ૨૫ ટકાની રાહત આપવામાં આવશે. કોમર્શિયલ વેહિકલ માટે આ રાહતની ટકાવારી ૧૫ની રાખવામાં આવશે. મોટર વેહિકલ ટેક્સમાં પણ આ સર્ટિફિકેટ પર ૨૫ ટકા સુધીની રાહત મળશે. નવી પોલિસીથી દેશમાં રોજગારીનું પ્રમાણ વધશે અને વાહન ઉદ્યોગને વધારે ગતિ મળશે.

## કર્મચારીઓની નિવૃતિ વય મર્યાદા વધારવા ભલામણ

નવી દિલ્હી તા. ૧૩ : અત્યારે દેશમાં બેરોજગારીને લઈને ભારે હંગામો છે, આ દરમ્યાન એક દરખાસ્ત આવી છે જેમાં નિવૃત્તિની વય મર્યાદા વધારવાનું કહેવામાં આવ્યું છે. પ્રધાનમંત્રીની આર્થિક સલાહકાર પરિષદે એક રિપોર્ટ બહાર પાડ્યો છે, જેમાં નિવૃત્તિની વય વધારવાની હિમાયત કરવામાં આવી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કેઆવનારા સમયમાં દેશમાંવૃધ્ધ લોકોની વસ્તી ઝડપથી વધશે.

પ્રધાનમંત્રીની આર્થિક સલાહકાર પરિષદે સરકારને નિવૃત્તિની વય વધારવાનો પ્રસ્તાવ મૂકયો છે. કાઉન્સિલનું કહેવું છે કે વધુ સારા સ્વાસ્થ્ય માળખાને કારણે અંદાજિતઆયુષ્યમાં વધારોથવાની અપેક્ષા છે. કાઉન્સિલનું કહેવું છે કે વૃધ્ધ લોકોને પણ તેમની અગાઉની પેઢી કરતાં લાંબા સમય સુધી કામ કરવાની મંજૂરી મળવી જોઈએ.

બહારપાડવામાં આવેલ આર્થિક સલાહકાર પરિષદના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે નિવૃત્તિની વય તબક્કાવાર વધારવી જોઈએ, કારણ કે ભારત યુવાનોનો દેશ છે અને મોટી સંખ્યામાં કાર્યકારી વસ્તી ધરાવે છે. કાઉન્સિલના ચેરમેન બિબેક દેબરોયે જાહેર કરેલા રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે નિવૃત્તિની વય વધારવાથી હાલના કર્મચારીઓની જરૂરિયાતો અને નોકરીઓની ઉપલબ્ધતા સાથે સમાધાન કર્યા વિના વૃધ્ધો માટે રોજગારની તકો ઉભી થાય છે.

## ખંધા ચીનની ભયાનક ચાલ : મિસાઈલો છુપાવવા અડ્ડા બનાવ્યા : ભારતીય સરહદ નજીક હજારો ખાડાઓ ખોદયા

બૈજીંગતા. ૧૩સમગ્ર વિશ્વ ઉપર પોતાનીધાકજમાવવાની ચીનીડ્રેગનની ભયાનક સામ્રાજય વાદી નીતિ સમગ્ર વિશ્વ માટે ખતરાની ઘંટીવગાડી રહી છે. ચીને સમગ્ર વિશ્વને ખાસ કરીને ભારત - અમેરીકાને દબાવવા આક્રમક રણનીતિ અપનાવી છે જેમાં અત્યંત શકિતશાળી મિસાઈલો છુપાવવા માટે ચીને વિવિધ સ્થળે મિસાઈલ છુપાવવાનાં અડ્ડા બનાવ્યા છે. અમેરીકાની ગુપ્તચર એજન્સીએ સેટેલાઈટ તસ્વીર મારફત તેની પુષ્ટી કરી છે તેટલું જ નહી ચીન અમેરીકા અનેભારતનાંપરમાણુ વિસ્તારોઉપર પણ ચાંપતી નજર રાખી રહયું છે. તેટલુંજ નહીખંધા ચીનેભારતનેસીધો પડકાર આપવાનાં તેની રણનીતિનાં ભાગરૂપે ભારતીય સરહદ નજીક વાસ્તવીક અંકુશ રેખા નજીક હજારો ખાડા ખોદયા છે. તેટલું જ નહી દિલ્હીથી ઈશાન દિશામાં અંદાજે ૨૦૦૦ કી.મી. દુર આવેલા પૂર્વ શિન્યાંગનાં વિસ્તારમાં અંકુશ રેખા નજીક ચીનહજારો ગોદામ (સીલ)નું નિર્માણ કરી રહયું છે. આ સમાચાર ભારતીય સલામતી એજન્સીઓ માટે ચિંતાનુંકારણ છે. કારણ કે આગોદામ વાસ્તવમાં મિસાઈલ લોન્ચીંગની અન્ડરગ્રાઉન્ડ સુવિધા છે. ચીન તેની પરમાણુ મિસાઈલ સંગ્રહ અને લોન્ચીંગનીક્ષમતામાં વધારો કરી રહયું છે.


**ૐ ઉપચાર કેન્દ્ર**

ડૉ. સી.ડી. ઓઝા (N.D.)

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસાઈટીસ, નાકબંધ થઈ જવું, એલર્જી, ચિંતા,
- નેત્ર તર્પણ : આંખના નંબર ઉતારવા, આંખમાં બળતા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
- કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીનાં રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

શોપ નં. ૩, શકિત કોમ્પ્લેક્ષ, શકિતનગર-૧, શાંતેશ્વર રોડ, જોષીપરા, જૂનાગઢ. મો. ૯૮૯૮૭૨૬૦૦૨

**ધો.૧૨ પછી શું ?**

ઓલ ઈન્ડીયા ઈન્સ્ટીટયુટ ઓફ લોકલ સેલ્ફ ગવર્નમેન્ટ - સંચાલિત

**સેનેટરી ઈન્સ્પેકટર (SI) ડિપ્લોમાં કોર્ષ**

મળવાપાત્ર તક : જીલ્લા પંચાયત દ્વારા mphw, PHC, UHC સેન્ટર, નગરપાલિકા, મહા નગરપાલિકામાં, રેલ્વે, પોર્ટ, એરપોર્ટ, મલ્ટીનેશનલ કંપનીઓ, તારાંકિત હોટલો, દવાખાના વગેરે અનેક જગ્યાએ નોકરીની વિશાળ તક..

**જીએસપી સ્કૂલ**

સરકારી ગોડાઉન પાછળ, સિંધી સોસાયટી, ગ્રાંધીગ્રામ, જૂનાગઢ.
ફોન : ૦૨૮૫-૨૬૫૩૪૭૦/૮૮૬૬૨ ૬૨૬૫૬

**વિજય ટ્રેડીંગ એજન્સીઝ**

કમલેશભાઈ પટેલ
મો. ૯૮૯૮૦ ૨૪૮૩૦
૯૪૨૬૯ ૨૪૮૩૦

orient electric, HAVELLS, BAJAJ, Crompton, BOSS HOME APPLIANCES, SYSKA LED, SUJATA, USHA, MILTON Kuch naya sochte hain, ORPAT CEILING FAN, Mr. Butler

(ઈલેકટ્રીક હોમ એમ્પ્લાયન્સીઝ
એમ.જી. રોડ, રાણાવાવ ચોક, જૂનાગઢ
ફોન : ૦૨૮૫ - ૨૬૨૪૭૩૦





મો.૯૭૨૫૯ ૩૩૯૩૪,
૭૫૬૭૪ ૦૦૪૧૦
૯૬૬૪૯ ૪૭૧૬૬

**શ્રીનાથ ટેક્ષટાઈલ**


પ્રિન્ટેડ તથા ફેન્સી સાડીનાં હોલસેલ વેપારી

દુકાન નં. G ૧૨, ગ્રાઉન્ડ ફલોર, ઉત્સવ પ્લાઝા કોમ્પ્લેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ

**હરિ-કલા** યુરોસર્જીકલ હોસ્પિટલ

**ડો. જયંત એચ. પંડયા**

જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :

- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પદ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune

સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવારકરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

# સોમનાથના ત્રિવેણી સંગમમાં પ્રતિબંધના મામલે તીર્થ પુરોહિતો પરીવાર સાથે ઉપવાસ ઉપર ઉતર્યા

**લોકો અને ભુદેવોની ધાર્મિક આસ્થા સાથે જોડાયેલા વિવાદનો સુખદ અંત લાવવા તંત્ર કટિબધ્ધ હોવાનું કલેકટરે જણાવ્યું : ત્રિવેણી ઘાટ ઉપર પૂજાપાઠ કે વિધિ કરવા ઉપર કોઈ પ્રતિબંધ ન હોય ફકત સામગ્રી પવિત્ર નદીમાં પધરાવવા ઉપર પ્રતિબંધ હોવાની કલેકટરે સ્પષ્ટતા કરી : વિવાદનો ઉકેલ નહીં આવે તો રાજયભરના તીર્થ ક્ષેત્રોમાં બ્રહમ સમાજ ઉગ્ર આંદોલન શરૂ કરશે તેવી તીર્થ પુરોહિતોએ ચિમકી ઉચ્ચારી**



(રાકેશ પરડવા દ્વારા) વેરાવળ તા. ૧૩

સોમનાથ સાંનિધ્યે પવિત્ર ત્રિવેણી સંગમઘાટની નદીમાં અસ્થિ અને પિંડદાન વિસર્જન સહિતની સામગ્રી પધરાવવા ઉપર પ્રતિબંધ ફરમવાતા અમલમાં આવેલ જાહેરનામાનો વિવાદ વધુ વકર્યો છે. જાહેરનામાની કડક અમલવારીના વિરોધ અને માંગણી ન સંતોષાતા ગઈકાલે સવારથી તીર્થ પુરોહિતો સહપરીવારજનો સાથે ત્રિવેણી સંગમઘાટ ઉપર ઉપવાસ આંદોલન ઉપર બેસી ગયા છે. ગઈકાલે તીર્થ પુરોહિતોની ઉપવાસ છાવણીની હિન્દુ સમાજના અનેક આગેવાનોએ મુલાકાત લીધી હતી. આ મામલે વહીવટી તંત્ર હરકતમાં આવ્યુ હોય તેમ તીર્થ પુરોહિતોની આસ્થા જળવાઈ રહે અને પવિત્ર ત્રિવેણી નદી પ્રદુષીત પણ ન થાય તેવો રસ્તો કાઢી વિવાદનો સકારાત્મક ઉકેલ લાવવા કવાયત હાથ ધરી હોવાનું ગીર સોમનાથ જીલ્લા કલેકટરે જણાવેલ છે.

પ્રભાસ તીર્થમાં મોક્ષની ભૂમિ તરીકે પ્રખ્યાત એવા હિરણ, કપીલા અને સરસ્વતી એમ ત્રણ નદીઓના સંગમ સ્થાન એવા પવિત્ર ત્રિવેણી સંગમઘાટની નદીમાં આદિ અનાદિ કાળથી અસ્થિ વિસર્જન અને પિંડદાન કે પુષ્પો પધરાવવામાં આવી રહેલ છે. દરમ્યાન તાજેતરમાં એકાએક વહીવટી તંત્ર દ્વારા જાહેરનામું પ્રસિધ્ધ કરી પવિત્ર ત્રિવેણી સંગમઘાટની નદીમાં ફુલ, પુષ્પો, પૂજાપો, નાળીયેર, કપડા કે અસ્થિઓનું વિર્સજન કરવા ઉપર પ્રતિબંધ મુકી લોકોની આસ્થા જળવાઈ રહે તે માટે ઘાટ ઉપર કુંડ મુકવામાં આવેલ છે. જેમાં લોકો અસ્થિઓ સહિતની પૂજા સામગ્રીનું વિસર્જન કરે તેવી તંત્રે અપીલ કરી છે. આવી સુચના દર્શાવતા સાઈન બોર્ડ ઘાટ ઉપર અનેક જગ્યાએ લગાડવામાં આવેલ છે. આ જાહેરનામાની તંત્રે અમલવારી કરાવતા સ્થાનિક તીર્થ પુરોહિત એવા સોમપુરા બ્રહ્મ સમાજમાં ઉગ્ર રોષ ભભૂકી ઉઠયો હતો.

આ મુદે સોમનાથ ટ્રસ્ટની સિક્યુરિટી અને તીર્થ પુરોહિતો વચ્ચે ચકમક પણ થઈ હતી. બાદમાં તીર્થ પુરોહિતો દ્વારા ગીર સોમનાથ જિલ્લા કલેકટરને રોષ ભેર આવેદનપત્ર પાઠવી પ્રતિબંધાત્મક જાહેરનામું પરત ખેંચવા રજુઆત કરી હતી પરંતુ કોઈ યોગ્ય ઉકેલ ન આવતા ગઈકાલે સવારથી તીર્થ પુરોહિતો સહપરિવારજનો સાથે ત્રિવેણી સંગમઘાટ ઉપર છાવણી ઉભી કરી ઉપવાસ ઉપર બેસી ગયા છે. જેના પગલે તંત્રમાં દોડધામ મચી છે. ત્રિવેણીઘાટ ઉપર શરૂ થયેલ તીર્થપુરોહિતોના ઉપવાસ આંદોલન છાવણીની સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી જે.ડી. પરમાર, પાલીકા પ્રમુખ પીયુષ ફોફંડી, સહિત હિન્દુ સમાજના અનેક આગેવાનોએ મુલાકાત લઈ વિવાદનો ઝડપી ઉકેલ લાવવા તંત્રને અપીલ કરી હતી.

## ઉકેલ નહીં આવે તો રાજયભરમાં આંદોલન થશે : સોમપુરા બ્રહમ સમાજ

આ મામલે સોમપુરા બ્રહમ સમાજના પ્રમુખ દુષ્યંત ભટ્ટે જણાવેલ કે, જાહેરનામાના પ્રતિબંધથી ત્રિવેણીઘાટ ઉપર હજારો વર્ષથી ચાલતી પરંપરા અટકાવવાથી તીર્થ પુરોહિતોની આજીવિકાનો પ્રશ્ન ઉભો થયો છે. ત્યારે અમારા માટે અસ્તીત્વનો સવાલ હોવાથી ઉગ્ર આંદોલન ઉપર તીર્થ પુરોહિતનો પરીવારજનો સાથે બેસવુ પડયુ છે. જો અમારી માંગણી મુજબ ગુરૂવાર સાંજ સુધીમાં આ વિવાદનો તંત્ર ઉકેલ નહીં લાવતા આંદોલનને વધુ ઉગ્ર બનાવવાની ફરજ પડી છે. રાજયના તમામ તીર્થક્ષેત્રોના બ્રહમ સમાજના લોકો આવા જલદ આંદોલન કરશે તેવી ચિમકી ઉચ્ચારી છે. તો બીજી તરફ ગીર સોમનાથ જિલ્લા કલેકટર આર.જી. ગોહિલે જણાવેલ કે, પવિત્ર ત્રિવેણી સંગમ નદીનું પાણી ખુબ પ્રદુષીત થઈ ગયુ છે. જેના કારણે નદી વધુ પ્રદુષીત ન થાય તે માટે આવશ્યકતા જણાઈ હોવાથી જાહેરનામુ પ્રસિધ્ધ કરવું પડયુ છે. જેમા ત્રિવેણીઘાટની નદીમાં અસ્થિ વિસર્જન, પીંડદાન સહિતની સામગ્રી પધરાવવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. જયારે ઘાટ ઉપર પૂજાપાઠ કે વિધિ કરવા બાબતે કોઈ પ્રતિબંધ નથી તેવી સ્પષ્ટતા કરી હતી. પર્યાવરણ બચાવવાની અને કુદરતી સ્ત્રોતો બગડી નષ્ટ ન થાય તેનું ધ્યાન રાખવી લોકોની જવાબદારી નિભાવવી પડે છે. ભુદેવો દ્વારા અમુક છુટછાટ માંગવામાં આવી છે. આ ધાર્મીક આસ્થાનો વિષય હોવાથી લોકોની આસ્થાને અસર ન થાય અને પૂજારીઓની આજીવીકાને અસર ન થાય તે રીતે વિક્ષેપ વગર આસ્થાભેર ધાર્મીક પૂજાવિધિમાં કોઈ અસંતોષ ન રહે તે પ્રકારે ઉકેલ લાવવાની દિશામાં તંત્ર ચર્ચા-વિચારણા કરી રહયુ છે. લોકો અને ભુદેવોની ધાર્મિક આસ્થા સાથે જોડાયેલા આ વિવાદનો સુખદ અંત લાવવા તંત્ર કટિબધ્ધ હોવાનું અંતમાં જણાવેલ હતુ. અત્રે નોંધનીય છે કે, સોમનાથ ટ્રસ્ટ અને જિલ્લા વહીવટી તંત્રના જણાવ્યા મુજબ પવિત્ર ત્રિવેણી સંગમની નદીમાં પ્રદુષણનું પ્રમાણ ખુબ વધી ગયેલ હોવાથી નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ દ્વારા ત્રિવેણી નદીને સ્વચ્છ રાખવા અને પ્રદુષણને અટકાવવા તાકીદ કરી હોવાથી ત્રિવેણી નદીમાં અસ્થિ અને પિંડદાન વિસર્જન ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે ત્યારે હાલ આ વિવાદનો કયારે અને કેવો અંત આવશે તે તરફ સહુની મીટ મંડાયેલી છે.

---

ડિજિટલ યુગમાં પણ પુસ્તકનો 'પાવર' યથાવત

# જૂનાગઢ બહાઉદ્દીન કોલેજ ખાતે 'લાઈબ્રેરીયન ડે'ની ઉજવણી કરાઈ

**બહાઉદીન કોલેજનો ઈતિહાસ જેટલો સમૃદ્ધ છે તેટલી જ સમૃદ્ધ કોલેજની લાઈબ્રેરી છે**



(પ્રતીક પંડયા દ્વારા) જૂનાગઢ તા.૧૩

ડો. એસ.આર. રંગનાથનની યાદમાં ૧ર ઓગસ્ટના દિવસને દેશમાં લાઈબ્રેરીયન ડે તરીકે ઉજવાય છે. જે અંતર્ગત જૂનાગઢની બહાઉદ્દીન આર્ટસ કોલેજના ગ્રંથાલય વિભાગમાં લાઈબ્રેરીયન દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

જેમાં ગ્રંથપાલ એ.સી. વાઘેલા દ્વારા પુસ્તક પ્રદર્શનનું આયોજન કરેલ હતું. આ તકે કોલેજના આચાર્ય પી.વી. બારસીયા પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. ખાસ કરીને આ પ્રદર્શનમાં કોલેજમાં ચાલતા વિષયો, સ્પર્ધાત્મક પરીક્ષાની લગતા પુસ્તકો તથા ઈત્તર વાંચનના પુસ્તકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેનો કોલેજના અધ્યાપકો તથા વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો. ઉલ્લેખનીય છે કે, બહાઉદ્દીન કોલેજનો ઈતિહાસ જેટલો સમૃદ્ધ છે તેટલી જ સમૃદ્ધ કોલેજની લાઈબ્રેરી પણ છે. જે અવનવા પ્રાચીન અને અર્વાચીન તેમજ અભ્યાસક્રમમાં ઉપયોગી પુસ્તકોથી શોભેછે અને કોઈ પણ પુસ્તક પ્રેમીનું મન મોહી લે તેવી મનોહર છે.

---

# રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘ શિક્ષક સજ્જતા સર્વેક્ષણનો બહિષ્કાર કરશે, આ કસોટી અપમાન સમાન

અમદાવાદ, તા.૧૩

ગુજરાત રાજ્યમાં ર૪ ઓગસ્ટના રોજ લેવાનારા શિક્ષક સજજતા સર્વેક્ષણનો રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘ દ્વારા બહિષ્કાર કરવામાં આવ્યો છે. શિક્ષકોની સર્વેક્ષણના નામે કસોટી લેવી એ તેમના અપમાન સમાન હોવાનું જણાવી સંગઠન દ્વારા સર્વેક્ષણનો બહિષ્કાર કરવાની જાહેરાત કરી છે. સંગઠનના આ નિર્ણયને લઈ રાજ્યના અનેક શિક્ષકો સર્વેક્ષણમાં ભાગ નહીં લે તે સ્પષ્ટ જણાઈ રહ્યું છે. આ મુદ્દે મહાસંઘ દ્વારા અનેક રજૂઆતો કરી છતાં સર્વેક્ષણ બંધ રાખવાનો નિર્ણય ન લેવાતા અંતે બહિષ્કારનો નિર્ણય લેવાયો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ર૪ ઓગસ્ટના રોજ શિક્ષક સજજતા સર્વેક્ષણ કરવામાં આવનાર છે. જોકે, શિક્ષકોના મતે સર્વેક્ષણના નામે શિક્ષકોની પરીક્ષા લેવામાં આવનાર હોવાથી તેનો ભારે વિરોધ થયો હતો. રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘ દ્વારા પણ આ સર્વેક્ષણનો વિરોધ કરી બંધ રાખવા માટે માગણી કરી હતી.

જેમાં મુખ્યમંત્રીથી લઈને ભાજપ પ્રદેશ અધ્યક્ષને લેખિત રજૂઆત કરી સર્વેક્ષણ બંધ રાખવા માટે રજૂઆત કરી હતી. જોકે, રાજ્ય પરીક્ષા બોર્ડ સર્વેક્ષણ માટે મક્કમ હોય તેમ તે અંગેની માર્ગદર્શિકા પણ જાહેર કરી દીધી છે. રાષ્ટ્રીય શૈક્ષણિક સંઘની રજૂઆત હતી કે, શિક્ષકો ટેટ, ટાટ અને એચ ટાટ જેવી પરીક્ષા પાસ કર્યા બાદ જ શિક્ષક તરીકે નોકરીમાં લાગ્યા છે. શિક્ષકોની સજજતાની અગાઉ ચકાસણી કરી લેવામાં આવી હોવાથી હવે તેમની સજજતાની ચકાસણી કરવાની જરૂર નથી. આમ, શિક્ષકોની સજજતા સર્વેક્ષણના નામે લેવામાં આવી રહેલી પરીક્ષા એ શિક્ષકોના અપમાન સમાન હોવાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આ સર્વેક્ષણ બંધ કરવામાં આવે તેવી માગણી કરવામાં આવી હતી. જોકે, આ મુદ્દે હજુ સુધી કોઈ નિર્ણ લેવામાં આવ્યો ન હોવાથી રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘ દ્વારા શિક્ષક સજજતા સર્વેક્ષણનો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો છે. જે મુજબ શિક્ષકો આ સર્વેક્ષણમાં ન જોડાશે નહીં. સર્વેક્ષણના નામે પરીક્ષાને લઈ સંગઠન દ્વારા આક્રમક વલણ અપનાવવામાં આવ્યુ છે અને શિક્ષકો આ સર્વેક્ષણનો બહિષ્કાર કરે તે માટેની જાહેરાત કરી દીધી છે. આમ, આગામી ર૪મીએ યોજાનારા સર્વેક્ષણ પણ શિક્ષકોના બહિષ્કારની ગંભીર અસર જોવા મફશે તેમ હાલના તબક્કે લાગી રહ્યું છે. રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘના પ્રદેશ અધ્યક્ષ ઘનશ્યામ પટેલે જણાવ્યું હતું કે, શિક્ષકો પરીક્ષા આપીને પોતાની સજજતા સાબિત કરીને જ આવ્યા છે ત્યારે ફરી સર્વેક્ષણના નામે શિક્ષકોની કસોટી લેવી એ શિક્ષકોના અપમાન સમાન છે. જેથી સંગઠન દ્વારા આ સજ્જતા સર્વેક્ષણનો બહિષ્કાર કરવાનો નિર્ણય લેવાયો છે. આ સર્વેક્ષણમાં શિક્ષકો ભાગ લેશે નહીં.

## શિક્ષકોએ સર્વેક્ષણ બહિષ્કાર અંગેના પ્રતિજ્ઞા પત્રો પણ લખ્યા

શિક્ષક સજજતા કસોટીના બહિષ્કારને લઈને શિક્ષકોએ સંગઠનને પ્રતિજ્ઞાપત્રો આપ્યા હોવાનું પણ જાણવા મફે છે. પ્રતિજ્ઞા પત્રમાં શિક્ષકોએ જણાવ્યું હતું કે, તમામ શિક્ષક ભાઈઓ અને બહેનો પ્રતિજ્ઞા લઈએ છીએ કે આગામી ર૪ ઓગસ્ટના રોજ સરકાર દ્વારા લેવાનારી શિક્ષક સજજતા કસોટીના સર્વેક્ષણના નામે શિક્ષકોની કામગીરી તથા આવડત, હોશિયારી, ખંત, ઈમાનદારી પર શંકા ઉપજાવનારી પરીક્ષાનો અમે સામૂહિક બહિષ્કાર કરીએ છીએ, તથા અમે આ પરીક્ષા ન આપવાનો સંકલ્પ કરીએ છીએ. તે દિવસે અમે કોઈ પણ જાતના દબાણને વશ થયા વગર પરીક્ષા ન આપવાની પ્રતિજ્ઞા લઈએ છીએ.

---

# પ્રથમવાર બ્લેક હોલની પાછળ પ્રકાશ જોવા મળતા એ સાબિત થયું કે આઈન્સ્ટાઈનની થિયરી ઓફ રિલેટિવિટી સાચી હતી

ન્યુયોર્ક તા.૧૩

જ્યારે પણ આપણે બ્લેક હોલની વાત કરીએ છીએ તો મગજમાં એક જ વાત યાદ આવે છે કે બ્લેક હોલ એક એવી ચીજ છે જે પ્રકાશને પણ ગળી જાય છે, પરંતુ પ્રથમવાર સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના ખગોળવિદોને બ્લેક હોલની પાછળથી પ્રકાશ નીકળતો દેખાયો છે. તેનાથી મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈનની થિયરી ઓફ રીલેટિવિટી પણ સાબિત થઈ ગઈ છે. પ્રથમવાર વૈજ્ઞાનિકોએ આ થિયરીના પુરાવા જોયા છે. બ્લેક હોલ સાથે સંકળાયેલ અભ્યાસ અહેવાલ 'નેચર' જરનલમાં પ્રસિદ્ધ થયો છે. અભ્યાસ કરવા માટે વૈજ્ઞાનિકોએ બ્લેક હોલની આસપાસના એક્ષ-રેનું વિશ્લેષણ કર્યુ હતું, જે પૃથ્વીથી ૧૦૦ મિલિયન પ્રકાશવર્ષના અંતરે આવેલ છે. આ શકિતશાળી ગુરૂત્વાકર્ષણના પ્રભાવમાં પ્રકાશ વળી જવાથી દેખાતી હતી. આઈન્સ્ટાઈનની થિયરીમાં જણાવાયું છે કે, વિશાળ વસ્તુઓ સ્પેસ-ટાઈમને પ્રભાવિત કરે છે જેને ગુરૂત્વાકર્ષણ તરીકે જોઈ શકાય છે. અભ્યાસના સહલેખક રોજર બ્લેકફોર્ડે જણાવ્યું છે કે, પ૦ વર્ષ પહેલા એસ્ટ્રોફિઝીસિસ્ટે બ્લેક હોલની કિનારી ઉપર મેગ્નેટીક ફિલ્ડના વ્યવહારને સમજવાનું શરૂ કર્યુ હતું.

---


# જૂનાગઢ તાલુકાનાં જામકા, ગોલાધર અને વંથલી, વિસાવદર પંથકમાં જુગાર દરોડા

જૂનાગઢ તા. ૧૩

જૂનાગઢ શહેર અને જીલ્લાનાં વિવિધ વિસ્તારોમાં પોલીસો ચોકકસ બાતમીનાં આધારે ઠેરઠેર જુગાર દરોડાની કાર્યવાહી કરી હતી ને સંખ્યાબંધ લોકોનો ઝડપી લીધેલ છે. જૂનાગઢ તાલુકા પોલીસો ગોલાધર ગામે જુગાર અંગે દરોડો પાડતા ૮ શખ્સોને કુલ રૂા.૨૮,૯૬૦નાં મુદામાલ સાથે ઝડપી લીધેલ છે. જયારે એક શખ્સ નાસી છૂટતા કુલ ૯ સામે કાર્યવાહી હાથ ધરી છે. જયારે જૂનાગઢ તાલુકાનાં જામકા ગામે જાહેરમાં જુગાર રમતા પાંચ શખ્સોને રૂા.૨૦,૨૯૦ની રોકડ મુદામાલ સાથે ઝડપી લેવામાં આવેલ છે. આ ઉપરાંત વિસાવદર તાલુકાનાં ખાંભા ગામે જાહેરમાં જુગાર રમતા ૭ શખ્સોને કુલ રૂા. ૨૮,૯૪૦ની રોકડ મુદામાલ સાથે ઝડપી લીધેલ છે. તેમજ વંથલીનાં ટીકર ગામે પોલીસે જુગાર અંગે દરોડો પાડતા ૬ શખ્સોને રૂા.૫૦૧૨૦ની રોકડ મુદામાલ સાથે ઝડપી લીધેલ છે. જયારે બાંટવા પોલીસે કોડવાવ ગામે જુગાર અંગે દરોડો પાડતા પાંચ શખ્સોને રૂા.૧૭૧૦નાં રોકડ મુદામાલ સાથે ઝડપી લઈ તેમના વિરૂધ્ધ જુગારધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

---

# ઉનામાં ગીર-સોમનાથ જીલ્લા ભાજપ પ્રમુખનાં જન્મદિનની અનોખી ઉજવણી કરાઈ




(નિરવ ગઢિયા દ્વારા) ઉના તા.૧૩

ઉના તાલુકાના પૂર્વ ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ અને જીલ્લાના યુવા મોરચાના પ્રમુખ હીતેશભાઈ ઓઝાના માર્ગદર્શન હેઠળ ઉના તાલુકાના યુવા મોરચાના પ્રમુખ સંજયભાઈ બાંભણીયા અને સમગ્રટીમ દ્વારા ગીર-સોમનાથ જીલ્લા ભાજપ પ્રમુખ માનસિંહભાઈ પરમારનાં જન્મદિવસની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી. ઉના તાલુકાના કંસારી ગામે દિવ્યાંગ કેર સેન્ટર મુકામે મંદબુદ્ધિ બાળકોની સ્કૂલમાં જઈને ફ્રૂટ વિતરણ અને નાસ્તો કરાવીને મંદબુદ્ધિના બાળકોની સાથે સ્કૂલના સંકુલમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં જીલ્લા પંચાયત ભાચાનાં પ્રતિનિધિ પ્રકાશભાઈ ટાંક, યુવા મોરચાના ઉના તાલુકાના યુવા પ્રમુખ સંજયભાઈ બાંભણીયા, ઉના નગરપાલિકા ઉપપ્રમુખ ચંદ્રેશભાઈ જોષી (રાધેભાઈ), પરસોતમભાઈ દમણીયા, પીપલ્સ બેંકના ડાયરેકટર યોગેશભાઈ બામણીયા, જીગ્નેશભાઈ બામણીયા (એડવોકેટ), કંસારી ગામના સરપંચ ચંદુભાઈ ટાયડા, ઉના આઈટી સેલના ધીરજ બારૈયા, મુસ્તાકભાઈ, ચિંતનભાઈ ગઢીયા, જીગ્નેશભાઈ બામણીયા, શૈલેષભાઈ શીંગડ, ગોપાલભાઈ કામળીયા તથા તમામ કાર્યકર મીત્રો અને હોદેદારો જોડાયા હતા.

---

# કેશોદની આધાર મહીલા મંડળ દ્વારા મીઠાઈ ફરસાણના સ્ટોલનો શુભારંભ



(ગોવિંદ હડિયા દ્વારા) કેશોદ તા.૧૩

કેશોદ શહેરમાં કોરોના મહામારી વચ્ચે આર્થિક સંકડામણ અનુભવતા મધ્યમ વર્ગના પરિવારોને આજીવિકા મળે એવા શુભ હેતુથી આધાર મહિલા મંડળની રચના કરી સશક્ત નારી શક્તિનો આધાર સુત્રને સાર્થક કરવા પવિત્ર શ્રાવણ માસમાં આવનારા તહેવારોમાં શુધ્ધ, સાત્વિક અને સ્વાદિષ્ટ ફરસાણ અને મીઠાઈ મહિલાઓ પાસેથી તૈયાર કરાવી મહિલાઓ દ્વારા જ સ્ટોલ ઉપર વ્યાજબી ભાવે વેંચાણ શરૂ કરવામાં આવેલ છે.

મંજુલાબેન કાનાબારના વરદહસ્તે રીબીન કાપી દિપ પ્રાગટય કરી જાહેર જનતા માટે ખુલ્લું મુકાયું છે. કેશોદ શહેરનાં અગ્રણીઓ એડવોકેટ અને નોટરી ડી.ડી. દેવાણી, શ્રી પુરૂષોત્તમ લાલજી ગૌશાળા પ્રમુખ ભીખાલાલ ગોટેચા અને પારૂલભાઈ કારીયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતા. કેશોદ આધાર મહિલા મંડળ સાથે જોડાયેલી તમામ મહિલાઓ વચ્ચે સમાનતાનું ધોરણ અપનાવીને જે કાંઈ પણ નફો થશે એ ખર્ચ બાદ કરીને તમામ મહિલા સદસ્યોને સરખા ભાગે વહેંચીઆપવામાં આવશે. કેશોદ શહેરનાં સ્વાદરસીઓમાં મહિલાઓ દ્વારા ફરસાણ અને મીઠાઈ તૈયાર કરી વ્યાજબી ભાવે વેંચાણ શરૂ કરવામાં આવતાં ખુશી વ્યાપી ગઈ છે અને ઉત્સાહભેર ખરીદી કરવા લાગ્યા છે. કેશોદ આધાર મહિલા મંડળનાં રાખીબેન કારીયા, કિર્તિબેન દેવાણી, રિધ્ધિબેન સોઢા અને કે.ટી. દેવાણી જહેમત ઉઠાવી રહ્યા છે.

---

## કુલમુખત્યારનામું રદ કર્યાની જાહેર નોટીસ

હું નીચે સહી કરનાર સાકીરભાઈ ઈકબાલભાઈ મોટનવાલા, રહેવાસી : નાયકવાડા, જૂનાગઢ પરંતુ હાલ સુરતના આથી જાહેર જવાબ જોગ લખી જણાવું છું કે :

જૂનાગઢ શહેરના મેમણવાડામાં આવેલ સીટી સર્વે બ્લોક નંબર-૩ સીટી સર્વે નંબર-૨૨૭-૨૨૮ ચતમ ૨૩૧ વાળી મિલ્કત અનુસંધાને અમોએ મહેમુદમીયા સાજીમીયા કાદરીને તારીખ ૨૦/૧૦/૨૦૧૫ના રોજના સ્ટેમ્પ પેપર ઉપર તૈયાર કરેલ તારીખ : ૨૩/૧૦/૨૦૧૫ના રોજ નોટરી રૂબરૂ રજી. નંબર-૭૫૬૭થી નોંધાયેલ પાવર અમોએ રદ કરેલ છે. મજકુર મહેમુદમીયા સાજીમીયા કાદરી સદરહુ મિલ્કત અનુસંધાને યા મારા કુલમુખત્યાર તરીકે હરકોઈ કૃત્યો કરવા હકકદાર રહેલ નથી અને તે સાથે અમો વતી અને તરફે કોઈએ હરકોઈ કૃત્યો યા વ્યવહાર કરવા કરાવવાના નથી. અલાયદી રજીસ્ટર્ડ એ.ડી.થી નોટીસ પણ અમોએ આપેલ છે.

રહે. નાયકવાડા, જૂનાગઢ
હાલ સુરત. સાકીર ઈકબાલભાઈ મોટનવાલા

## જૂનાગઢ ખાતે ૧૫મી ઓગસ્ટ રાજય કક્ષાની ઉજવણીની તૈયારીઓ

# "તારા નામમાં ઓ સ્વતંત્રતા" થીમ ઉપર તા.૧૪ ઓગસ્ટે દેશભકિતસભર સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન

### ૧૨૦ કલાકારો ગુજરાતના વીર સપૂતોની ગાથા રજૂ કરશે- કૃષિ યુનિ. ખાતે સ્વાતંત્ર્યવીરોની રાષ્ટ્ર ભાવના ઉજાગર થશે

જૂનાગઢ, તા.૧૩ તારા નામમાં ઓ સ્વતંત્રતા થીમ ઉપર ૭૫માં સ્વાતંત્ર્ય પર્વની પૂર્વ સંધ્યાએ દેશભક્તિ સભર સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.જેમાં ૧૨૦થી વધુ કલાકારો ગુજરાતના વીરસપૂતોની, આઝાદી ચળવળની ગાથા રજૂ કરશે.

૭૫મા સ્વાતંત્ર્ય પર્વની રાજયકક્ષાની ઉજવણી જૂનાગઢ જિલ્લામાં થનાર છે. ૧૫મી ઓગષ્ટની ઉજવણીની પૂર્વ સંધ્યાએ કૃષિ યુનિવર્સિટી ખાતે દેશભક્તિ સભર સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર અને જૂનાગઢ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આયોજિત મલ્ટીમીડીયા સાંસ્કૃતિક કાર્યક્રમમાં ૧૨૦ જેટલા કલાકારો પોતાની કલા રજૂ કરશે.

તારા નામમાં ઓ સ્વતંત્રતા થીમ ઉપર યોજાનાર કાર્યક્રમમાં કલાકારો દ્વારા ગુજરાતના સ્વાતંત્ર્યવીરો ગરબડદાસ મુખી, મુળુમાણેક, શામળદાસ ગાંધીની ગાથા રજૂ કરશે તેમજ ગાંધીજીનો મુકદમા, આરઝી હકુમત, ગુરૂગોવિંદ જય હો એપિસોડ પ્રસ્તુત કરવામાં આવશે. આ ઉપરાંત તલવાર નૃત્ય, કસુંબીનો રંગ નૃત્ય, રઘુપતિરાધવ નૃત્ય, અને આદીવાસી નૃત્ય દ્વારા કલાકારો અભિનયના ઓજસ રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજી, મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં રજૂ કરશે. હાલ આ મેગા ઈવેન્ટની પૂર્વ તૈયારીઓ કલાકારો દ્વારા સ્પોર્ટસ કોમ્પલેક્ષ, ઝફર મેદાન ખાતે થઈ રહી છે.

# મુખ્યમંત્રીનાં હસ્તે ૧૫મી ઓગસ્ટે સ્વાતંત્ર્યસેનાની લાભશંકર દવેનું બહુમાન કરાશે

## જૂનાગઢ જીલ્લામાં એક માત્ર સ્વાતંત્ર્ય સેનાની હયાત છે

જૂનાગઢ, તા.૧૩ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તા.૧૫મી ઓગસ્ટના રોજ જૂનાગઢ જિલ્લાના સ્વાતંત્ર્યસેનાની શ્રી લાભશંકર દવેનું બહુમાન સાલ અને સુતરની આંટીથી કરશે. જૂનાગઢ જિલ્લાના વતની અને સ્વાતંત્ર્યસેનાની શ્રી લાભશંકર દવેએ હિંદ છોડો ચળવળ તેમજ આરઝી હકુમતમાં ભાગ લીધો હતો. જૂનાગઢ જિલ્લાના બીલખાના વતની લાભશંકર દવેએ ૧૯૪૨ હિંદ છોડો ચળવળમાં ભાગ લીધો હતો. ત્યારે તેઓની ઉમર માત્ર ૧૪ વર્ષની હતી. તેમણે બીલખા ખાતે દુલર્ભજીભાઇ નાગ્રેચાની આગેવાની હેઠળ આરઝી હકુમતની – આઝાદીની ચળવળમાં ભાગ લીધો હતો. આ ચળવળમાંમેંદરડાથી પકડાઈ જતા આઠ માસ જેટલો સમય જેલવાસ પણ ભોગવ્યો હતો તેમજ આરઝી હકુમતના કબ્જા હેઠળના વિસ્તારમાં હથિયારો પહોંચાડવાની કામગીરી કરી હતી.

# જૂનાગઢમાં તા.૧૫મીએ રાજયકક્ષાની સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં હેલીકોપ્ટરમાંથી પુષ્પવર્ષા થશે

જૂનાગઢ, તા.૧૩ જૂનાગઢ ખાતે આગામી ૧૫મી ઓગસ્ટ ૨૦૨૧ના રોજ સ્વાતંત્ર્ય પર્વની રાજયકક્ષાની ઉજવણી થનાર છે. જૂનાગઢના બિલખા રોડ ઉપર આવેલ પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે ધ્વજ વંદન સહિતના કાર્યક્રમો યોજાવાના છે.કોવીડ પ્રોટોકોલ અને ગાઈડલાઈન અનુસાર આ કાર્યક્રમ યોજવા અંગે તૈયારીઓ થઈ રહી છે. આ કાર્યક્રમમાં હેલીકોપ્ટરમાંથી પુષ્પવર્ષા કરી ગૌરવ અને ગરિમાપુર્ણ રીતે ઉજવણી થાય તે માટે સ્થાનિક તંત્ર દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. જામનગરના ભારતીય હવાઈ દળના હેલીકોપ્ટર દ્વારા પુષ્પવર્ષા કરવામાં આવશે.

## ૧૫મી ઓગસ્ટ ઉજવણીના કાર્યક્રમમાં

# કોરાનાની મહામારીમાં અનાથ થયેલ બાળકો તેના પાલક વાલી સાથે સહભાગી થશે

જૂનાગઢ, તા.૧૩ ૭૫મા સ્વાતંત્ર્ય દિનની રાજયકક્ષાની ઉજવણીમાં જૂનાગઢ ખાતે બિલખા રોડ સ્થિત પરેડ ગ્રાઉન્ડમાં યોજાનાર વિવિધ કાર્યક્રમમાં જૂનાગઢ જિલ્લામાં કોરાનાની મહામારીમાં અનાથ થયેલ બાળકો તેના પાલક વાલી સાથે સહભાગી થનાર છે. આ કાર્યક્રમમાં ૧૩ બાળકો અને વાલી સહિત ૨૫ વ્યકિતઓ સહભાગી થનાર છે અને તેનું સંકલન જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી દ્વારા કરવામાં આવશે.

# સોમનાથ પ્રભાસ પાટણ હોમગાર્ડ યુનિટ દ્વારા વન મહોત્સવ ઉજવાયો



(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ-પાટણ, તા.૧૩ સોમનાથ- પ્રભાસ પાટણ હોમગાર્ડ યુનિટ દ્વારા સોમનાથ ટ્રસ્ટ સંકુલના આંબાવાડી વનમાં વન મહોત્સવ ઉજવ્યો હતો.

વૃક્ષ એ જ જીવન છે અને સામગ્ર રાજયમાં જયારે વન ઉત્સવ ઉજવાઈ રહ્યા છે તેના ભાગરૂપે યોજાએલ આ કાર્યક્રમમાં સોમનાથ ટ્રસ્ટ - ટ્રસ્ટી , સચિવ પ્રવિણભાઈ લહેરી, જીલ્લા કલેકટર આર.જી. ગોહીલ, જીલ્લા વિકાસઅધિકારી ત્રિપાઠી, ગીર સોમનાથ જીલ્લા પોલીસ વડા રાહુલ ત્રિપાઠી, ગીર સોમનાથ જીલ્લા હોમગાર્ડ કમાન્ડર અતુલ ઠાકર, સોમનાથ ટ્રસ્ટ જનરલ મેનેજર વિજયસિંહ ચાવડા, પ્રભાસ પાટણ પી.આઈ. એન.એમ. આહીર, પ્રભાસ હોમગાર્ડ યુનિટ અધિકારી સુરૂભા જાડેજા તથા સ્થાનિક હોમગાર્ડ દળના સભ્યોએ રાષ્ટ્રસેવા અર્થે વૃક્ષારોપણ કર્યુ હતું. વૃક્ષારોપણમાં ઉમ્રો, વડ, લીંમડો, નીલગીરી, શરૂ સરગવો, બોરસલી, આસોપાલવ, વાંસ, દેશી બાવળ અનો પક્ષીઓનો વસવાટ ઉપયોગી વૃક્ષો વવાયા હતા. સોમનાથ ટ્રસ્ટ કર્મચારી-વન વિભાગ સૌએ સહકાર આપ્યો હતો.

# જૂનાગઢ જીલ્લા સમસ્ત બ્રહ્મસમાજની આગામી રવિવારે સંગઠનલક્ષી બેઠક યોજાશે

## વર્તમાન હોદેદારોની મુદત પુરી થતી હોય નવા હોદેદારોની વરણી થશે

જૂનાગઢ, તા.૧૩ જૂનાગઢ જીલ્લા સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ કે.ડી. પંડયાની યાદી જણાવે છે કે, જૂનાગઢ જીલ્લા સમસ્ત બ્રહ્મસમાજના વર્તમાન હોદેદારોની મુદત પૂર્ણ થતી હોય, આગામી બે વર્ષ માટે સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મસમાજના બંધારણના નિયમોનો આધીન નવા હોદેદારોની નિયુકિતના ભાગરૂપે આગામી તા.૧૫/૮/૨૦૨૧નો રવિવારના રોજ સાંજે ૪ કલાકે તક્ષશિલા વિદ્યાલય, બ્રહ્મસમાજ કન્યા છાત્રાલય પાસે, બિલખા રોડ જૂનાગઢ ખાતે સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મ સમાજના બે નિયુકત હોદેદારોની હાજરીમાં નવા હોદેદારોની વરણી અંગેની કાર્યવાહી થનાર હોય, જૂનાગઢ જીલ્લા સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મસમાજના આજીવન સભ્યો કે જેમનું નામ મતદાર યાદીમાં હોય તેઓએ આધારકાર્ડ સાથે ઉપસ્થિત રહેવા મહામંત્રી મહેશભાઈ જોષીની યાદીમાં જણાવેલ છે.

# સી.એમ. ડેસ્કબોર્ડમાં જૂનાગઢ જીલ્લાની કામગીરીમાં ઝડપી સુધારો, ૧ થી ૫માં રેન્કમાં સ્થાન

જૂનાગઢ, તા.૧૩ રાજ્ય સરકાર દ્વારા દરેક જિલ્લામાં નાગરિકોની સેવાઓ અને યોજનાકીય સિદ્ધીઓ તેમજ પેન્ડન્સી ઉપર દેખરેખ રાખી પ્રજા કલ્યાણના કામો ઝડપી થાય તે માટે મુખ્યમંત્રીના સીધા દેખરેખ હેઠળ સી.એમ. ડેસ્કબોર્ડ સુશાસન અને ઈ-ગવર્નન્સ ના ભાગરૂપે કાર્યરત છે. સી.એમ. ડેસ્કબોર્ડ કામગીરીમાં જૂનાગઢ જિલ્લાની કામગીરીમાં ઝડપી સુધારો થતાં ૧ થી ૫ના રેન્ક ઉપર જીલ્લાનું સ્થાન આવ્યું છે. જૂનાગઢના કલેકટર રચિત રાજ દ્વારા જિલ્લામાં અરજીઓની પેન્ડન્સી ઝીરો થાય તેમજ ગ્રામ્ય, તાલુકા અને જિલ્લા કક્ષાએ અરજીઓનો નિકાલ થાય તેમજ વિવિધ કચેરીઓની કામગીરીનું સંકલન થાય તે માટે વિશેષ પ્રયત્નો કરવામાં આવતા જિલ્લાના ટીમ વર્ક થી એક -દોઢ મહિનામાં કામગીરીમાં ઝડપી સુધારો આવ્યો છે. સી.એમ. ડેસ્કબોર્ડ ઉપર વિવિધ ૪૨ જેટલી સેવાઓની કામગીરીની સમીક્ષા કરવામાં આવતી હોય છે. જેમાં ડીજીટલ ગુજરાત અંતર્ગત ઓનલાઈન આવતી અરજીઓનો નિકાલ, વિવિધ સર્ટી કાઢવા, ૧૦૮ની કામગીરીમાં ઝડપી રિસ્પોન્સ, ગૃહ વિભાગ લગત કામગીરી, રેશનકાર્ડ જેવી બાબતોનો સમાવેશ થાય છે. આ તમામ કામગીરીમાં પહેલા જૂનાગઢ જીલ્લો ૨૩ ક્રમ આસપાસ રહેતો હતો. હાલ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા એક ઝુંબેશના ભાગરૂપે કામ થતાં એક થી પાંચ મો ક્રમ આવ્યો છે. જિલ્લાના ૭૨ ગામમાં ૧૦૦ ટકા કોરોના રસીકરણ પણ થયું છે.

# રાજકોટમાં એબીબી પૂર્વ છાત્ર ઉત્કર્ષ મંડળ જૂનાગઢની મિટિંગ યોજાઈ



જૂનાગઢ, તા.૧૩ એબીબી પૂર્વ છાત્ર ઉત્કર્ષ મંડળ જૂનાગઢની મિટીંગનું આયોજન રાજકોટ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં જૂનાગઢના કાળવા ચોક નજીક આવેલી ઔદિચ્ય બ્રાહ્મણ બોર્ડીંગમાં રહીને ભણેલા અને હાલમાં રાજકોટમાં રહેતા ભાઈઓએ ઉપસ્થિત રહીને આગામી સમયના કાર્યક્રમની રૂપરેખા નક્કી કરી હતી તેમજ બોર્ડીંગના પુનરૂત્થાન માટે વિશદ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં બીપીન જોષી, ડો. હરેશ દવે, જીવનલાલ ભટ્ટ, રોહિત જાની, જીગીશ રાવલ સહિતના વિપ્રબંધુઓ ઉપસ્થિત રહ્યા હતા એમ મંડળના ઉપપ્રમુખ અશોષભાઈએ જણાવ્યું હતું.

# ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઈમે અવેરનેસ કાર્યક્રમ યોજી વરીષ્ઠ નાગરીકોને માર્ગદર્શન આપ્યું



ગાંધીનગર, તા.૧૩ ગાંધીનગર રેન્જ આઈ.જી.પી. અભય ચુડાસમા ગાંધીનગર વિભાગ ગાંધીનગર નાઓએ ગાંધીનગર રેન્જ વિસ્તારમાં બનતા સાયબર ક્રાઈમના ગુનાનો ભોગ બનતા સીનીયર સીટીજન્સમાં સાયબર ક્રાઈમ અંગે જાગૃતિ ફેલાય અનેતેઓ સાયબર ક્રાઈમનો ભોગ ન બનેતે દિશામાં સાયબર અવેરનેશને લગતા કાર્યક્રમો યોજવા આપેલ સુચના અને માર્ગદર્શન મુજબ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ટીમ દ્વારા તા.૧૨/૮/૨૦૨૧ના રોજ ગાંધીગનર જીલ્લા મથકે ગાંધીનગર શહેર વિસ્તારમાંવસવાટ કરતાસીનીયર સીટીજન્સ માટે સાયબર અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. જે કાર્યક્રમમાં ગાંધીનગર શહેરમાં વસતા ૫૦થી ૬૦ જેટલા સીનીયર સીટીજનો સાયબર અવેરનેસને લગતી માહિતી મેળવવા માટે ઉત્સાહ અને ઉમંગથી હાજર રહેલ હતા.

જે કાર્યક્રમમાં સાયબર ક્રાઈમ શું છે? તેમજ સીનીયર સીટીજનો કયાં કયાંપ્રકારના સાયબર ક્રાઈમનો ભોગ બનતા હોય છે અને સાયબર ક્રાઈમથી બચવા માટે શું તકેદારી રાખવી તેના વિશે માહિતી આપવામાં આવેલ હતી અને સાયબર સ્ટોકિંગ, સાયબર બુલીંગ, સાયબર ફીશીંગ, સાયબર વીશીંગ અને સાયબર સ્મેશીંગ, ઈનપર્શોનેશન, ચાઈલ્ડ પ્રોર્નોગ્રાફી, ઈ-મેઈલ સ્કુફીંગ વગેરે પ્રકારના સાયબર ક્રાઈમની વિગતવાર સમજ આપવામાં આવેલ હતી તેમજ સ્માર્ટ ફોનના વપરાશમાં તેમજ ફેસબુક, વોટસએપ, ઈન્સ્ટાગ્રામ જેવા સોશ્યલ મિડીયા પ્લેટફોર્મનો ઉપયોગ કરતી વખતે રાખવાની થતી તકેદારી અંગે તેમજ એટીએમ કાર્ડ તથા ક્રેડીટ કાર્ડ વગેરેમાં રાખવાની થતી સાવધાની બાબતે તથા મેટ્રોમોનીયલ સાઈટસ અજાણ્યા ન્યુડ વિડીયો કોલ્સ વિશે માહિતી આપવામાં આવેલ હતી. આમ ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ટીમ દ્વારા સાયબર ક્રાઈમ અવેરનેસ પ્રોગ્રામ કરી ઉત્કૃષ્ઠ ઉદાહરણ પુરૂ પાડેલ છે.

# રિલાયન્સ ફાઉન્ડેશને કેરળ સરકારને ૨.૫ લાખ કોવિડ-૧૯ વેક્સિનના ડોઝ તદ્દન નિઃશુલ્ક પૂરા પાડ્યા





મુંબઈ, તા.૧૩ કેરળ સરકારના વેક્સિનેશનના પ્રયાસોને વેગવંતા બનાવવા માટે, રિલાયન્સ ફાઉન્ડેશને કોવિડ-૧૯ વેક્સિનના ૨.૫ લાખ ડોઝ પૂરા પાડ્યા છે. રિલાયન્સના એક પ્રતિનિધિ મંડળ દ્વારા પ્રતિબદ્ધતા વ્યકત કરતો પત્રકેરળના મુખ્યમંત્રી શ્રી પિનરયી વિજયનને સુપરત કરવામાં આવ્યો છે. આભાર વ્યક્ત કરતાં શ્રી વિજયને કહ્યું કે, રિલાયન્સ ફાઉન્ડેશનનો સઘિષ્ઠ પ્રયાસ રાજયના વેક્સિનેશન અભિયાનને મજબૂત બનાવશે.

રિલાયન્સ ફાઉન્ડેશનના સામુદાયિક કલ્યાણની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરતાં, રિલાયન્સ ફાઉન્ડેશનના સ્થાપક-અધ્યક્ષા શ્રીમતી નીતા એમ. અંબાણીએ કહ્યું હતું કે, "કોવિડ-૧૯ની મહામારી સામેની ભારતની લડતના દરેક તબક્કે અમે દેશના પડખે છીએ. વાયરસ સામે રક્ષણ મેળવવા માટે સામુહિક વેક્સિનેશન સૌથી અસરકારક રસ્તો છે. સમગ્ર દેશમાં નિઃશુલ્ક વેક્સિનેશન માટે અમે મિશન વેક્સિન સુરક્ષા શરૂ કરી દીધું છે. નિઃશુલ્ક ધોરણે વેક્સિનેશનના ૨.૫ લાખ ડોઝ સાથે રિલાયન્સ ફાઉન્ડેશન જરૂરિયાતની આ ઘડીમાં કેરળના લોકોને તેના સમર્થનની પુષ્ટિ કરે છે. આપણે સાથે મળીને આ પડકારનો સામનો કરીશું અને વધુ સશક્ત રાષ્ટ્ર તરીકે ઊભરી આવીશું."

ગુરુવારે વેક્સિન કોચી પહોંચી ગઈ હતી અને તેને કેરળ મેડિકલ સર્વિસિસ કોર્પોરેશનને સુપરત કરવામાં આવી હતી. કેરળ સરકાર વતી એર્નાકુલમના જિલ્લા કલેક્ટર જાફર મલિકે વેક્સિન સ્વીકારી હતી. આ વેક્સિનનું કેરળ સરકારના સ્વાસ્થ્ય વિભાગ દ્વારા વિતરિત કરી લોકોને આપવામાં આવશે.

રિલાયન્સ ફાઉન્ડેશન કેરળના લોકોને ખાસ કરીને જરૂરિયાતના સમયમાં સતત મદદ કરતી રહી છે.

- વર્ષ ૨૦૧૮માં જ્યારે કેરળમાં વિનાશક પૂર આવ્યું હતું ત્યારે, રિલાયન્સ ફાઉન્ડેશને મુખ્યમંત્રી રાહત ફંડમાં રૂ.૨૧ કરોડનું યોગદાન આપ્યું હતું, અલાપ્પુઝામાં રિલિફ કેમ્પ્સની જવાબદારી લીધી હતી અને ખાદ્યસામગ્રી પહોંચાડી હતી; કપડાં, પગરખાં અને ડ્રાય ગ્રોસરી સહિત રૂ. ૫૦ કરોડની રાહત સામગ્રીનું વિતરણ કરવા ઉપરાંત તબીબી સહાય પણ ઉપલબ્ધ કરાવી હતી.
- વર્ષ ૨૦૧૯માં મુખ્યમંત્રીના આપત્તિ રાહત ફંડમાં રૂા.પાંચ કરોડનું યોગદાન આપવાની સાથે ભૂસ્ખલન પીડિત પરિવારોને ખાદ્યસામગ્ર આપવા ઉપરાંત અનેક જગ્યાઓ ઉપર લોકોના મકાનોની સાથે માળખાગત સુવિધાઓના પુનર્નિર્માણ કરવામાં મદદ પહોંચાડી હતી.

આ મહામારી શરૂ થઈ ત્યારથી જ કોવિડ-૧૯ સામેની લડાઈમાં રિલાયન્સ ફાઉન્ડેશન શ્રીમતી નીતા અંબાણીની આગેવાનીમાં દેશને મદદરૂપ થવા માટે અગ્રેસર રહ્યું છે. ટેસ્ટિંગથી લઈને હેલ્થકેર, મેડિકલ ઓક્સિજનથી લઈને નબળા વર્ગના લોકોને નિઃશુલ્ક ભોજન વિતરણ કરવા સુધીના સમગ્ર દેશમાં લાંબા ગાળાના સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તેમાં નીચે મુજબના કાર્યોનો પણ સમાવેશ થાય છેઃ

- દરરોજ, એક લાખ લોકોને નિઃશુલ્ક મેડિકલ ઓક્સિજન પૂરો પાડવામાં આવ્યો
- સમગ્ર દેશમાં અલગ અલગ જગ્યાઓએ કુલ ૨૦૦૦થી વધુ કોવિડ-કેર બેડ્સ અને સુવિધાઓ તૈયાર કરી
- મહામારીના કારણે અસરગ્રસ્ત નબળા વર્ગના લોકોને કુલ ૭.૫ કરોડ ભોજન પહોંચાડ્યા
- એક કરોડ માસ્કનું વિતરણ કરવામાં આવ્યું અને સુરક્ષા માટે લોકજાગૃતિના સંદેશા મોકલવામાં આવ્યા

મિશન વેક્સિન સુરક્ષાના ભાગરૂપે રિલાયન્સના કર્મચારીઓ, તેમના કુટુંબીજનો અને તેમના પર નિર્ભર એવા ૧૦ લાખ લોકોને કોવિડ-૧૯ વેક્સિન આપવામાં આવી હતી. આજની તારીખ સુધીમાં, ૯૮ ટકા કર્મચારીઓને કોવિડ-૧૯ વેક્સિનનો ઓછામાં ઓછો એક ડોઝ આપી દેવામાં આવ્યો છે. કેરળના લોકો અને દેશના અન્ય લોકો સુધી વેક્સિન પહોંચાડવા માટે આ મિશનનું જે વિસ્તરણ કરવામાં આવ્યું છે તે રિલાયન્સ ફાઉન્ડેશનના 'We Care' વચનનો, દેશની સાથે હંમેશા ઊભા રહેવાનો અને જરૂર પડે ત્યારે સેવા માટે તત્પર રહેવાના વચનનો પુનરોચ્ચાર કરે છે.

# ચોરવાડ નગરપાલિકા કચેરી ખાતે આવાસોનો ડ્રો કરાયો, લાભાર્થીઓને ચાવી અપાઈ



ચોરવાડ, તા.૧૩ : ચોરવાડ નગરપાલિકા કચેરી ખાતે ધારાસભ્ય અને નગરપાલિકાના સદસ્ય વિમલભાઈ ચુડાસમા અને અધિકારીઓ અને લાભાર્થીઓની હાજરીમાં પ્રધાનમંત્રી આવાસ યોજના (એ.એચ.પી.ઘટક) અંતર્ગત લાભાર્થીઓને આવાસ મળી રહે તેવા ઉમદા હેતુથી આવાસોનો ડ્રો કરવામાં આવેલ હતો. ચોરવાડ બંદર રોડ ઉપર ૪૧૬ આવાસોનું બાંધકામ પૂર્ણ થઈ જતા જે લાભાર્થીઓ દ્વારા ડિપોઝીટ પેટેની રકમ જમા કરવામાં આવેલ અને જેમાં ૧ બીએચકે ૧૩ લાભાર્થીઓ અને અને ૨ બીએચકે ૧૬ લાભાર્થીઓના આવાસોનો ડ્રો કરવામાં આવેલ, જેથી લાભાર્થીઓને તાત્કાલિક ધોરણે આવસોનો લાભ મળી શકે. આ પ્રસંગે ચોરવાડ નાગપાલિકાના ઉપપ્રમુખ ભીખાભાઈ પંડિત, કારોબારી ચેરમેન હીરાભાઈ વાઢેર તેમજ સદસ્યો મનોજભાઈ ચુડાસમા, જીવાભાઈ ચાવડા, હિતેષભાઈ ચુડાસમા, વાલજીભાઈ ચુડાસમા, હિતેષભાઈ ચાવડા, અશ્વિનભાઈ પંડિત, મેઘાભાઈ પરમાર, રામજીભાઈ વૈશ, ચીફ ઓફીસર એમ.જે. જોધપુરા તેમજ નગરપાલિકાના એન્જિનિયર અને કર્મચારીગણ અને લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

# સ્ટાર્ટઅપ ઈન્ડિયા પ્રોજેક્ટ નિષ્ફળતા તરફ કેમ ધકેલાઈ ગયો ?

કોઈપણ લોકશાહી દેશમાટેફુગાવો હંમેશા માથાના દુઃખાવારૂપ બની રહે છે. અને ફુગાવો વધવાનું કારણ સરકારની વેરા નિતીઓ ભુલ ભરેલી હોય તે છે. અત્યારે દેશમાં પ્રવર્તમાન પેટ્રોલ, ડીઝલ તથા અન્ય કાચા માલના ભાવોમાં વધારાને કારણે લગભગ તમામ ચીજવસ્તુઓના ભાવો વધી ગયા છે જેની મોટી અસર આમ પ્રજામાં થવા પામી છે. લોકોને નોકરીઓ મેળવવા ના ફાંફા છે, બેરોજગારી બેફામ વધી છે અને નોકરીઓ મળતી નથી..... લોકો પાસે પુષ્કળ પૈસા હોય તો ખરીદ શક્તિ વધુ પ્રમાણમાં થાય, ત્યારે લોકો તેને પૂરતા પ્રમાણમાં ચીજવસ્તુઓ ના મળે તો તેમાં ભાવ વધારો થાય છે તેને લોકો બ્લેક માર્કેટ કહે છે. બીજી તરફ સરકાર લોકોને આકર્ષી શકે તેવા મોટા પ્રોજેક્ટો ઊભા કરવા તથા પોતા ના વહીવટી ખર્ચાઓ માટે પેટ્રોલ-ડીઝલ ઉપર કરવેરા નાખી કિંમત વધારી દીધી છે. અને આ ભાવ વધારાની અસર દેશના દરેક વ્યાપાર, ધંધા, નાના-મોટા વિવિધ માર્કેટોમાં થઈ છે. કારણ ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ વધતા તેઓના ભાડા વધી ગયા તેની અસર માલની હેરફેર થતાં મોંઘવારી અસહ્ય બની રહી. બીજી તરફ લોકોના ખિસ્સામાં પૈસા ન રહેવાથી તેની અસર લગભગ દરેક ક્ષેત્રના વેપાર-ધંધા ઉપર પડી છે. વિવિધ નાના-મોટા માર્કેટોમાં ખરીદારો નથી દેખાતા. જેથી બજારોની રોનક દેખાતી નથી. જો કે દેશમાં લાખોની સંખ્યામાં એવી કંપનીઓની માત્ર શરૂઆત થઈ પરંતુ આવી મોટાભાગની કંપનીઓ ક્યાં ખોવાઈ ગઈ તે તરફ કોઈનું ધ્યાન સુધ્ધાં ગયું નથી. ટૂંકમાં જન્મતા જ મરણ થઈ ગયું.....! અગાઉ નિષ્ફળ ગયેલી નોટબંધીએ કંપનીઓ સાથે કરોડો પ્રજાજનોની કેડ ભાંગી નાખી છે અને આવા સમયમાં અનઘડ જીએસટીના અમલીકરણે સરકારની નબળાઈઓ જાહેરમાં લાવી દીધી...... જેનાથી આમ પ્રજાની મુશ્કેલીઓમાં અનેક ગણો વધારો થઈ ગયો છે.....!

સરકારે આમ પ્રજાના હિત માટે સ્ટાર્ટઅપ ઈન્ડિયા પ્રોજેક્ટની ભારે ઉત્સાહથી જાહેરાત કરી દીધી.... પરંતુ આ પ્લાન લગભગ તમામ સેક્ટરમાં નિષ્ફળતા તરફ ધકેલાઈ ગયો છે.... મતલબ સ્ટાર્ટ અપ ઈન્ડિયા પ્રોજેક્ટનું અચ્યુતમ કેશવમ થઈ ગયુંછે તેમ કહીએ તો અતિશયોક્તિ નહીં ગણાય......! આ પ્રોજેક્ટે દેશ-વિદેશમાં સાડા સાત અબજ ડોલરનું ફંડ એકઠું કર્યું હતું. પછીથી ૨૦૧૬માં ઘટી ઘટીને સાડા ત્રણ અબજ ડોલર થઈ ગયું. અને નોટબંધીએ ૫૦ ટકા જેવી સ્ટાર્ટઅપની બુનિયાદ તોડી નાખી હતી. જોકે શરૂઆતમાં આ પ્રોજેક્ટમાં ૧૫ લાખ ઉપરાંત યુવાધનને પરોક્ષ રોજગારી મળી હતી પરંતુ ૫ જ વર્ષમાં દેશમાં ૯ને સ્ટાર્ટઅપ કંપનીઓને અલીગઢી તાળા લાગી ગયા અને એકાદ સ્ટાર્ટઅપ કંપની મરવાને વાંકે જીવતી કે ડચકાં ખાઈ રહી હતી તેનું મરણ વિવિધ લોકડાઉનના કારણે થઈ ગયું.. જે સાથે કરોડો લોકોની આશાઓનું ગળુ ઘોટાઈ ગયું.... અને આજે સ્ટાર્ટઅપ ઈન્ડિયા ભૂતકાળ બની ગયું છે. સ્ટાર્ટ અપ ઈન્ડિયા પાછળનું ધ્યેય જે લોકોને પોતાની જરૂરિયાતો માટે તેના પરંપરાગત દુકાનદારો કે જ્યાંથી સર્વિસ મેળવતા હોય તેવા લોકોનું ધ્યાન પોતાની તરફ ખેંચવાનું હતું..... પરંતુ સ્ટાર્ટઅપ નિષ્ફળ રહ્યું. લોકડાઉનમાં નાના દુકાનદારો તથા ફેરિયાઓ પાસેથી જ આમ પ્રજાએ ચીજવસ્તુઓ ખરીદી... જેથી નાણાં તેમના તરફ ગયા. જોકે મોટા સ્ટાર્ટ અપ દેશમાં ખૂબ સફળ થયા તેમાં વિદેશી નાણાંનું રોકાણ હતું, જેમાં ચીનનું સૌથી વધુ હતું. લોકડાઉન પછી તો કેટલાંક સ્ટાર્ટઅપ માલિકો અને સ્ટાર્ટઅપ કંપનીમાં નોકરી કરનારાઓ અત્યારે નોકરીની શોધમાં ભટકી રહ્યા છે.....!

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

કથામાં સાંભળેલું ક્રિયામાં ઉતારીએતો જ કામનું.

-પ. પૂ. ડોંગરેજી મહારાજ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૭, શા. શાકે. ૧૯૪૩, પા.સ્પેન્દાર્મદ-૧૩૯૦, મુ. મોહરમ-૧૪૪૩, જૈન વીર સં.-૨૫૪૭, કચ્છી સં. ૨૦૭૮, શ્રાવણ સુદ-૫ જીવંતિકા પૂજન, મહાલક્ષ્મી સ્થાપન અને પૂજન, કલ્કી જયંતિ, નાગપંચમી (દક્ષિણ ગુજરાત), રાંધણછઠ્ઠ (દક્ષિણ ગુજરાત), ઋક-યજુ ઉપાકર્મ તા.૧૩ ઓગષ્ટ ૨૦૨૧, શુક્રવાર, પારસી તા.ગાથા-૩, મુસ્લિમ તા.૪, હસ્ત નક્ષત્ર, સાધ્ય યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૬ઃ૨૭, સૂ.અ.૧૯ઃ૨૪

આજનો દિવસ સામાન્ય છે.

આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ), સાંજે ૭ઃ૨૯ ક. પછી જન્મેલા બાળકની રાશી તુલા (ર ત) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : નવિન આયોજન સફળતાથી પાર પડે. પડવા-વાગવાથી સંભાળવું.
વૃષભ : મિત્ર વર્ગથી લાભ મળે. સંતાનના આરોગ્ય બાબતે સાવધાની રાખવી.
મિથુન : પ્રિયજનથી મિલન થાય. વ્યાપાર વાણિજ્યમાં પ્રગતિકારક દિવસ.
કર્ક : કોર્ટ-કચેરીના કાર્યોમાં લાભ. વડીલોની મદદથી મહત્વનું કાર્ય પૂર્ણ થાય.
સિંહ : નવિન સમાચાર મળે. મનની મુરાદ પૂરી થાય.
કન્યા : ગૃહવિવાદ, માનસિક અશાંતિ, વ્યર્થ ચિંતા રહે.
તુલા : પારિવારીક સામસ્યામાં મદદરૂપ બનવું પડે. આર્થિક સામસ્યા હળવી બને.
વૃશ્ચિક : અણધાર્યો લાભ મળે. નોકરીયાત વર્ગ માટે ઉત્તમ દિવસ.
ધન : નવિન ઓળખાણથી લાભ. જૂના મતભેદો નીવારી શકાય.
મકર : આર્થિક લાભ મેળવી શકશો. વ્યર્થ કાર્યબોજ રહે.
કુંભ : સ્નેહીઓ સાથે મનદુઃખ રહે. સ્વમાન ઘવાય તેવો પ્રસંગ આવે.
મીન : માનસિક ઉશ્કેરાટ રહે. આરોગ્ય બાબતે જાળવવું.

# ઓક્સિજનનાં અભાવે મોતનાં મામલે કેન્દ્ર અને રાજ્ય સરકારો લોકહિતને લક્ષમાં રાખી નિખાલસતા બતાવે

નવી દિલ્હી તા.૧૩

ઓક્સિજનના અભાવે મોત થયાં હોવાનું કબૂલે તો પોતાનું ખરાબ દેખાય એમ વિચારીને મોટા ભાગનાં રાજ્યો આઘાંપાછાં થાય છે. ત્યાં આંધ્ર પ્રદેશની સરકારે ઓક્સિજનના અભાવે કોરોનાના દર્દીઓના મોત થયાં હોવાની કબૂલાત કરવાની હિંમત બતાવી છે. આંધ્રપ્રદેશની જગન મોહનરેડ્ડી સરકારે કેન્દ્રને મોકલેલા જવાબમાં લખ્યું છે કે, કોરોનાની સારવાર દરમ્યાન ઓક્સિજનનું પ્રેશર ઘટી જવાથી વેન્ટિલેટર ઉપરના કેટલાક દર્દી મોતને ભેટ્યા હતા. જગનની હિંમત જોયા પછી પંજાબના કેપ્ટન અમરિન્દરસિંહની પણ હિંમત ખૂલી. પંજાબ સરકારે જગનની જેમ ખુલ્લેઆમ ઓક્સિજનના અભાવે મોત થયાનું કબૂલ્યું નથી પણ આ કારણે કેટલાંક શંકાસ્પદ મોત થયાં હોવાનું સ્વીકાર્યું છે. દેશનાં કુલ ૧૩ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ અત્યાર લગી જવાબ મોકલ્યા છે. તેમાંથી બાકીનાં રાજ્યોએ તો કેન્દ્ર સરકાર જે પિપૂડી વગાડે છે એ જ પિપૂડી વગાડી છે પણ હજુ મોટા ભાગનાં રાજ્યોએ જવાબ આપવાના બાકી છે. આ રાજ્યોના મુખ્યમંત્રીઓમાં પણ જગનને જોઈને મર્દાનગી જાગે એવી શક્યતા નકારી ના શકાય. ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ પાસેથી તો આ મર્દાનગીની આશા નથી પણ ભાજપની સરકાર નથી એવા રાજ્યો એ કબૂલાત કરીને ઈમાનદારી બતાવશે તો આનંદ થશે. આમ તો તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો આ ઈમાનદારી, આ મર્દાનગી બતાવે એ જરૂરી છે કેમ કે કેન્દ્ર સરકારે તો તેમને જ આરોપીનાં પાંજરામાં ઊભા કરી દીધાં છે. કેન્દ્ર સરકારે સંસદમાં ઓક્સિજનના અભાવે એક પણ મોત થયું નથી એવું કહ્યું પછી આ મુદ્દો ચગ્યો ત્યારે ભાજપે મોદી સરકારનો એમ કહીને બચાવ કર્યો હતો કે, કેન્દ્ર સરકારે જે આંકડા આપ્યા એ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ મોકલેલા ડેટાના આધારે આપ્યા છે. દેશના એક પણ રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશે કોરોનાના કારણે થયેલાં મોતનો ડેટા કેન્દ્રને મોકલ્યો તેમાં ઓક્સિજનના અભાવે એક પણ મોત થયું હોવાનું જણાવ્યું નથી તેથી સરકાર શું કરે ? ભાજપ શાસિત રાજ્યો તો ચિઠ્ઠીનાં ચાકર છે તેથી એ તો ના બોલે પણ બીજા રાજ્યો પણ હિંમત નહોતાં બતાવી શક્યાં. ભાજપ વિરોધી પક્ષો આક્ષેપો કર્યા કરતા હતા પણ રાજ્ય સરકારો સત્તાવાર રીતે એવું કહેવાની હિંમત નહોતાં બતાવી શક્યાં કે, કેન્દ્ર સરકાર કોરોનાના દર્દીઓ માટે ઓક્સિજનની વ્યવસ્થા ના કરી શકી તેમાં અમારે ત્યાં ઘણાં મોત થયાં છે. હવે જગને બધી ચિંતા છોડીને એ હિંમત બતાવી છે ત્યારે બીજાં રાજ્યો પણ એ હિંમત બતાવશે તો તેમાં લોકોને જ ફાયદો છે. ના કરે નારાયણ અને ભવિષ્યમાં ફરી એ સ્થિતિ પેદા થાય તો એ વખતે કેન્દ્ર સાબદી રહેશે. ઓક્સિજન કે બીજી કોઈ પણ ચીજની અછત ના સર્જાય તેનું ધ્યાન રાખશે અને બેદરકારીના કારણે કોઈના મોત નહીં થાય. આ મુદ્દો કોઈ રાજકીય પક્ષને લગતો નથી પણ વ્યાપક જનહિતને લગતો છે તેથી બધા રાજ્યો રાજકીય બાબતોને બાજુ ઉપર મૂકીને વર્તે એ જરૂરી છે. રાજ્યો સત્તાવાર રીતે નહીં કહે તો પણ ઓક્સિજનના અભાવે કોરોનાના દર્દીઓનાં મોત થયાં છે એ સામી ભીંતે લખાયેલું સત્ય છે. આખા દેશમાં તો સેંકડો એવા કિસ્સા બન્યા કે જેમાં ઓક્સિજનના અભાવે દર્દી મરી ગયાં હોય પણ સાત-આઠ તો એવા મોટા કિસ્સા છે કે જેમાં રાજ્ય સરકારોએ પોતે ઓક્સિજનના અભાવે મોત થયાનું કબૂલ્યું છે. હાઈ કોર્ટે કર્ણાટકના ચામરાજનગરના કેસમાં તો વળતર આપવાનો ચુકાદો પણ આપ્યો છે. ચામરાજનગરની ઘટનામાં સરકારી હોસ્પિટલમાં ૨૪ દર્દીનાં મોત થયાં હતાં. આ બધા કોરોનાના દર્દી સરકારી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા ત્યારે રાતે દસેક વાગ્યે અચાનક ઓક્સિજન ખતમ થઈ જતાં દર્દીઓ તરફડી તરફડીને મર્યા હતા. આ મુદ્દે હાઈ કોર્ટમાં અરજી થઈ પછી કર્ણાટક હાઈ કોર્ટે નિમેલી ફેક્ટ ફાઈડિંગ ટીમને કર્ણાટક સરકારે સત્તાવાર રીતે જણાવેલું કે, ૨ મેની રાત્રે ઓક્સિજનના અભાવને કારણે ચામરાજનગર આયુર્વિબાન સંસ્થાન(જિલ્લા હોસ્પિટલ)માં ૩ દર્દીનાં મોત થયેલાં. આ મુદ્દે હાઈ કોર્ટમાં સુનાવણી ચાલી પછી કર્ણાટક હાઈ કોર્ટે ૧૩ મૃતકના પરિવારને પાંચ-પાંચ લાખ રૂપિયા આપવાનો આદેશ આપ્યો હતો. હાઈ કોર્ટે સ્વીકાર્યું કે, આ મોત ઓક્સિજનના અભાવે થયાં છે. મતલબ કે, ભાજપ શાસિત કર્ણાટકમાં ઓક્સિજનના અભાવે ૧૩ લોકોનાં મોત થયાં એ વાત ઉપર હાઈ કોર્ટે પોતે મંજૂરીની મહોર મારી છે. આવા બીજા પણ જાણીતા કિસ્સા છે અને આ તમામ રાજ્યોએ સત્તાવાર રીતે ઓક્સિજનના કારણે દર્દી મર્યા છે એ કબૂલાત કરવી જોઈએ, પોતાના અભિગમમાં પારદર્શિતા બતાવવી જોઈએ. કોરોનાની ત્રીજી લહેરનો ખતરો તોળાઈ રહ્યો છે ત્યારે આ પારદર્શિતા કોરોના સામે લડવાની તૈયારીમાં મદદરૂપ થશે. આ મુદ્દો કોઈના ઉપર દોષારોપણ કરવાનો નથી પણ લોકહિતનો છે. રાજ્ય સરકારો અને કેન્દ્ર પણ લોકહિતને ધ્યાનમાં રાખીને વર્તે અને બીજી લહેર વખતે થયેલી ભૂલ ફરી ના થાય એ માટે નિખાલસતા બતાવે એ જરૂરી છે.

# ઓબીસી ક્રિમિલેયર નક્કી કરવા આવકની મર્યાદાના માપદંડમાં સુધારાનો પ્રસ્તાવ વિચારાધીન છે : કેન્દ્ર સરકાર

નવી દિલ્હી તા.૧૩

કેન્દ્ર સરકારે બુધવારે સંસદને જાણકારી આપી કે અન્ય પછાત વર્ગ (ઓબીસી)માં ક્રિમિલેયર નક્કી કરવા માટે આવકના માપદંડમાં સુધારાનો એક પ્રસ્તાવ તેની પાસે વિચારાધીન છે. રાજ્યસભામાં એક સવાલના લેખિત જવાબમાં સામાજિક તથા અધિકારિતા રાજ્યમંત્રી પ્રતિમા ભૌમિકે આ માહિતી આપી હતી. તેલંગાણા રાષ્ટ્ર સમિતિના સભ્ય પ્રકાશ બાંદાએ કેન્દ્ર સરકાર પાસે આ માહિતી માંગી હતી. તેમણે પૂછ્યું હતું કે શું ઓબીસીના કલ્યાણ સંબંધિત સંસદીય સમિતિએ ઓબીસી ક્રિમિલેયરની આવક મર્યાદાને વધારવા માટે ભલામણ કરી છે. તેના જવાબમાં ભૌમિકે કહ્યું કે હાં. ઓબીસીના મધ્ય ક્રીમિલેયરને નક્કી કરવા માટે આવક માપદંડમાં સુધારા હેતુ એક પ્રસ્તાવ સરકાર પાસે વિચારાધીન છે. ઉલ્લેખનીય છે કે ક્રીમિલેયરમાં ઓબીસીના સામાજિક અને આર્થિક રૂપે પછાત પ્રગતિ કરી ચૂકેલા સભ્યોને સામેલ કરવામાં આવે છે. લોકસભા બાદ હવે રાજ્યસભામાં પણ ઓબીસી અનામત સુધારા બંધારણીય બીલ પસાર થયું છે. રાજ્યસભામાં અનામત સુધારણા બીલની તરફેણમાં ૧૮૭ વોટ પડ્યાં હતા.

# ઉદારીકરણનાં ૩૦ વર્ષ પછી પણ આજે ભારત દેશ આર્થિક કટોકટીમાં સપડાયેલો છે

પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંઘે ૧૯૯૧માં ભારતીય અર્થતંત્રમાં ધરમૂળથી ક્રાંતિ લાવતું બજેટ રજૂ કર્યુ હતુ. તેના ત્રણ દાયકા પછી તાજેતરમાં તેમણે ચેતવણી ઉચ્ચારી છે કે આ કંઈ આનંદ મનાવવાનો સમય નથી, પરંતુ આંતર ચકાસણી કરવાનો સમય છે. દેશ તરીકેની આપણી અગ્રતાઓને આપણે ફરીથી સુનિશ્ચિત કરીને દરેક નાગરિકને આરોગ્યપ્રદ અને ગૌરવસભરજીવન જીવવા દેવાની વાત છે. તેમણે આ ચેતવણી એવા સમયે આપી છે જ્યારે દેશ સ્વતંત્રતા પછીના સૌથી ખરાબ સમયમાંથી પસાર થઈ રહ્યો છે. કોવિડ-૧૯ના લીધે મોટાભાગના ભારતીયોના દૈનિક જીવન ઉપર અસર પડી છે એટલું જ નહીં પરંતુ કરોડો ભારતીયોએ તેમની નોકરી ગુમવી છે અને ૨૦ કરોડ લોકો ગરીબીમાં ધકેલાઈ ગયા છે. દેશને આ સ્થિતિમાંથી બહાર આવતા કેટલાય વર્ષો લાગશે. તેથી હવે તે પરત ફરીને જોવું હકારાત્મક રહેશે કે આપણે કયા સ્વપ્નો સેવ્યા હતા અને આપણે તેમા કયાં ખોટા પડ્યા. સરકારી માલિકીનું અર્થતંત્ર નિયમનતંત્રની અંદર રહીને અંકુશિત વાતાવરણમાં વિકસવા માટે સંઘર્ષ કરી રહ્યું હતું ત્યારે ૧૯૯૧માં આપણે આર્થિક ઉદારીકરણની સાથે સંચાલનની ફિલોસોફીમાં આવેલો ધરમૂળથી ફેરફાર જોયો અને તેના લીધે ખાનગી ક્ષેત્રને અગાઉ ક્યારેય ન હતું તેટલું મહત્ત્વ મળવા માંડ્યુ. ૧૯૯૧ના આર્થિક સુધારાની સામે સત્તાધારી પક્ષની અંદરની સાથેથી બહારના વિપક્ષ સહિત મોટાપાયા ઉપર વિરોધ હોવા છતાં પણ સત્તા ઉપર આવતી દરેક સરકારે આ સુધારા ચાલુ રહે તે સુનિશ્ચિત કર્યુ છે. આર્થિક ઉદારીકરણના સિદ્ધાંતો અંગે વ્યાપક પાયા ઉપરની રાષ્ટ્રીય સહમતી હવે જોવા મળી રહી છે. કમનસીબે તાજેતરના પુરાવા સૂચવે છે કે તાજેતરના વર્ષોમાં સરકાર સ્થિર દરે અંકુશિત અર્થતંત્ર તરફ આગળ વધી રહી છે. આ બાબત સ્પષ્ટ સંકેત છે કે તાજેતરમાં શાસક પક્ષ દ્વારા પોતાના મતવિસ્તારને ખુશ કરવા માટે લેવાયેલા શ્રેણીબદ્ધ નિર્ણયોના લીધે રાજકારણ અર્થતંત્રને ગ્રસી રહ્યુ છે. તેના લીધે આર્થિક સ્થિતિ વણસી છે. નોટબંધી સ્પષ્ટપણે આવો એક નિર્ણય હતો. ૧૯૯૧માં આર્થિક ઉદારીકરણના પગલે ખાનગી ક્ષેત્ર માર્કેટ ઓરિએન્ટેડ બન્યું હતું. તેના લીધે સમૃદ્ધોનો નવો વર્ગ ઉદભવ્યો અને નાનો પરંતુ બોલકો મધ્યમ વર્ગ શહેરી ક્ષેત્રમાં વિકસ્યો. આર્થિક અસમાનતાનો વ્યાપ વધ્યો. યુપીએ-૧એ ૨૦૦૫માં આ મોરચે નેશનલ રૂરલ એમ્પ્લોયમેન્ટ ગેરંટી એક્ટ (મનરેગા) શરૂ કરી ત્યારે આ ખામીને સુધારવાનો જબરજસ્ત નિર્ણય લીધો. આ યોજના હેઠળ ગ્રામીણ વિસ્તારોને સરકાર વર્ષમાં ૧૦૦ દિવસનું કામ પૂરી પાડતી હતી. આ સ્કીમના લીધે ગ્રામીણ કુટુંબોને લઘુતમ આવકની ખાતરી મળવા ઉપરાંત સમૃદ્ધ ખેડૂતો અને રિયલ એસ્ટેટ ડેવલપરો સામે બાર્ગેઈન પાવર મળ્યો હતો. આના લીધે ભારતમાં ગરીબીમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો હતો. વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મનરેગાને કોંગ્રેસની આગેવાની હેઠળની યુપીએની નિષ્ફળતાનું જીવતુ સ્મારક ગણાવી હોવા છતાં પણ તે લોકડાઉનના પગલે લાખો મજૂરો વતન પરત ફર્યા ત્યારે તેમને રાહત આપવામાં નિષ્ફળ ગઈ હતી. પણ ૨૦૧૪થી સંચાલનની ફિલોસોફીમાં ફેરફાર આવ્યો છે. તેના લીધે અસમાનતા આવક અને વધારા પૂરતી સીમિત રહી નથી. શહેરીથી લઈને ગ્રામીણ વિસ્તારો સુધી ફેલાઈ છે. વિકસિત અને ઓછા વિકસિત રાજ્યો વચ્ચે અસમાનતા વધી છે. તેના લીધે કોરોનાના રોગચાળાના છેલ્લા બે વર્ષ દરમ્યાન ડિજિટલ ડિવાઈડ અને ખાનગી ક્ષેત્ર ઉપર વધુ પડતા અવલંબનના લીધે આરોગ્યથી લઈને શિક્ષણ સુધી અસમાનતા વધી છે. આ ઉપરાંત કેટલાક માનવવિકાસ નિર્દેશાંકોના મોરચે પણ સ્થિતિ વણસી છે. આ ઉપરાંત રોજગારીના મોરચે પણ સ્થિતિ ઘણી ખરાબ છે. છેલ્લા આંકડા દર્શાવે છે કે રોજગારીમાં ચિંતાજનક હદે ઘટાડો થયો છે. સીએમઆઈઈ મુજબ જુલાઈ ૨૦૨૧માં રોજગારી દર ૭.૦૨ ટકા હતો અને શહેરી વિસ્તારોમાં આ દર ૮.૩૨ ટકા અને ગ્રામીણ વિસ્તારોમાં ૬.૪૩ ટકા હતો. આ અભ્યાસો દર્શાવે છે કે માંગના મોરચે નોંધપાત્ર ઘટાડો થવાના લીધે વાસ્તાવિક વપરાશમાં ઘટાડો થયો છે. ધ ઈકોનોમિસ્ટે ભારતને એશિયાની માંદી વ્યક્તિ ગણાવી હતી. સરકાર પાસે આ પરિસ્થિતિને પહોંચી વળવા માટે કોઈ પણ પ્રકારના પોલિસી ઈન્સ્ટ્રુમેન્ટ્સ નથી ? અહીં તે યાદ રાખવું જરૂરી છે કે દ્રઢ નિશ્ચયી સરકાર અર્થતંત્રને મુશ્કેલીમાંથી બહાર કાઢવાના પગલાં લઈ શકે છે. ૨૦૨૧૨માં ફુગાવો દ્વિઅંકી દરે પહોંચી ગયો હતો અને રાજકોષીય ખાધમાં નોંધપાત્ર વધારો થયો હતો. અર્થતંત્ર મંદીના જબરજસ્ત દબાણમાં હતું. ૨૦૧૩માં તો ભારતીય રૂપિયો નોંધપાત્ર પ્રમાણમાં ઘટીને ડોલર સામે ૬૮ ઉપર પહોંચી ગયો હતો. ટુજી, કોલસા કૌભાંડ અને અન્ય કટોકટીની સાથે સંસદ ઠપ્પ હતી અને સરકાર ગંભીર કટોકટીમાં હતી. આ પ્રકારની પરિસ્થિતિ વચ્ચે પણ સરકારે ૨૦૧૨થી ૨૦૧૪ દરમ્યાન તેવા કેટલાક બિનપરંપરાગત નિર્ણય લીધા કે પછીના બે વર્ષમાં અર્થતંત્રમાં ઝડપી સુધારો કર્યો. તેમા મોટા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટસ માટેના અવરોધો દૂર કરવામાં આવ્યા, એફડીઆઈ પોલિસીમાં ઉદારીકરણ કરવામાં આવ્યુ. મૂડીબાજારના ઈન્સ્ટ્રુમેન્ટ્સ જેવા કે ઈનવિટ્સ અને આરઈઆઈટીએસ આજના જાહેર અને ખાનગી ક્ષેત્રની ફ્લેવર બાની ચૂકયા છે. ડીઝલની ભાવઅંકુશમુક્તિના લીધે સબાસિડીઓનો બોજો ઘટ્યો અને તેની રાજકોષીય ખાધ ઉપર મહત્ત્વની અસર પડી. કેલકર સમિતિની ભલામણ મુજબ રાજકોષીય રોડમેપ નિર્ધારિત કરવામાં આવ્યો. એફસીએનઆર (બી) બોન્ડ્સ અને અન્ય પગલાં લેવાયા હતા. તેના લીધે રૂપિયામાં વિશ્વાસ પરત ફર્યો હતો. તેના પરિણામો નાટકીય હતા. તેના લીધે જીડીપી વૃદ્ધિદર ૨૦૧૩-૧૪માં અગાઉના નાણાંકીય વર્ષના ૫.૧ ટકાથી વધીને ૬.૪ ટકા થઈ ગયો હતો. તેના પરિણામે ૨૦૧૪-૧૫નો આર્થિક વૃદ્ધિદર ૭.૪ ટકા નોંધાયો હતો જે અગાઉના બે વર્ષના પાયા ઉપર હતો. કોઈપણ પ્રકારની કટોકટીનો સામનો કરવા માટે નીતિગત માળખામાં ધરમૂળથી ફેરફાર કરવા જરૂરી હોય છે અને તેના પગલે નીતિગત પગલાં દ્વારા સુસંકલિત હકારાત્મક આંચકા પણ મેળવી શકાય છે. ૨૦૧૨થી ૨૦૧૪ દરમ્યાન સ્પષ્ટ વિચાર અને હિંમતભર્યા નિર્ણયોની જરૂર હતી. ૧૯૯૧ના ૩૦ વર્ષ પછી પણ દેશ આજે આર્થિક કટોકટીમાં સપડાયેલો છે, તેના માટે મજબૂત પરંતુ ઊંડાણપૂર્વકના તલસ્પર્શી પગલાં લેવા જરૂરી છે. શા માટે સરકાર આ પ્રકારની કટોકટીનો સામનો કરવામાં નિઃસહાય દેખાઈ રહી છે ?

# લક્ષ્મીજીએ કરેલી શિવ-ભક્તિની કથા



## શ્રાવણ સત્સંગ

કનકચંદ્ર છગનલાલ વ્યાસ
દેવેન કનકચંદ્ર વ્યાસ

અનેક લીલા કરનારા ભગવાન વિષ્ણુએ એક વખત કોઈ કારણોસર લક્ષ્મીજીને ભુલોકમાં અશ્વ યોનીમાં જન્મ થાય તેવો શાપ આપ્યો. ભગવાનની દરેક લીલાઓમાં કોઈને કોઈ રહસ્ય અવશ્ય છુપાયેલું હોય છે. પરંતુ આ શાપ મળવાથી લક્ષ્મીજી અત્યંત દુઃખી અને વ્યથિત થયા. તેમણે પોતાનું દુઃખ અને વ્યથા વિષ્ણુ ભગવાન પાસે વ્યક્ત કરી.

વિષ્ણુ ભગવાને કહ્યું, 'હે દેવી, મારૂ વચન અફળ તો નહીં જ થાય. પરંતુ થોડો સમય તમે અશ્વ યોનીમાં રહેશો, પછી મારા જેવો જ એક પ્રભાવશાળી પુત્ર તમારે ત્યાં થશે. એ સમયે તમારી શાપમાંથી મુક્ત થશે અને તમે મારી પાસે આવી જશો.

ભગવાનના શાપનો ભોગ બનેલા લક્ષ્મીજીએ ભુલોકમાં આવી અશ્વ યોનીમાં જન્મ લીધો. કાલીન્દી અને તમસા નદીના સંગમ ઉપર ભગવાન શિવજીની લક્ષ્મીજીએ આરાધના કરવી શરૂ કરી. એક હજાર વર્ષ સુધી સતત શિવજીનું ધ્યાન તપ લક્ષ્મીજીએ અશ્વ યોનીમાં કર્યું.

તેમની આ ઉગ્ર તપસ્યાથી દેવાધિદેવ મહાદેવજી અત્યંત પ્રસન્ન થયા. સાક્ષાત શિવજી માતા પાર્વતી સહિત વૃષભ ઉપર સવાર થઈ અશ્વ બનેલ લક્ષ્મીજી પાસે આવ્યા અને કહેવા લાગ્યા, 'હે દેવી, તમે તો જગતના માતા છો અને વિષ્ણુ ભગવાનને અત્યંત પ્રિયછો. તમે મુક્તિ-ભુક્તિ દેવાવાળા, આ સંપૂર્ણ જગતના સ્વામી વિષ્ણુ ભગવાનની આરાધના છોડી મારી આરાધના કેમ કરી રહ્યાં છો ?

વેદોમાં સ્પષ્ટ કહ્યુ છે કે, સ્ત્રીઓએ હંમેશા પોતાના પતિની જ ઉપાસના કરવી જોઈએ. સ્ત્રી માટે તેના પતિથી વધારે કોઈ દેવતા નથી. પતિ ગમે તેવા હોય તેજ સ્ત્રીના આરાધ્ય દેવ હોય છે. ભગવાન નારાયણ તો પુરૂષોતમ છે, એવા દેવેશ્વર પતિની ઉપાસના છોડી અને તમે મારી ઉપાસના ક્યાં કરવા લાગ્યા ?

ત્યારે લક્ષ્મીજી કહેવા લાગ્યા, 'હે શિવજી મારા પતિ દેવના શાપથી જ મારો આ અશ્વયોનીમાં જન્મ થયો છે. આ શાપનો અંત મારે ત્યાં પુત્ર થશે ત્યારે થશે. પરંતુ હું મારા પતિદેવના સાંનિધ્યથી વંચિત છું. તેઓ વૈકુંઠમાં નિવાસ કરે છે. હે દેવાધિદેવ તમારી ઉપાસના મેં એ માટે કરી છે કે, હું શ્રી હરિ અને હરમાં કોઈ ભેદ જોતી નથી. આપ બન્નેય એક જ છો. માત્ર રૂપનો જ ભેદ છે તેવું શ્રી હરિએ મને કહેલુ છે. તમારા એકત્વને જાણીને જ મેં તમારી આરાધના કરી છે. હે ભગવાન તમે મારા પર પ્રસન્ન થઈ મારૂ દુઃખ દુર કરો.

ભગવાન શિવજીએ લક્ષ્મીજીના આ વચનોને સાંભળી અત્યંત પ્રસન્ન થઈ ભગવાન વિષ્ણુને આ બાબતે પ્રાર્થના કરવાનું વચન આપ્યું. અને શ્રી હરિને પ્રાપ્ત કરવા તથા મહાન પરાક્રમી પુત્ર પ્રાપ્ત થાય તેવું વચન પણ આપ્યું ત્યાર પછી શિવજી માતા પાર્વતી સહિત કૈલાસમાં ગયા.

કૈલાસમાં બુધ્ધિમાન એવા ચિત્રરૂપને બોલાવી તેને દુત બનાવી અને વૈકુંઠ મોકલાવ્યો. ચિત્રરૂપ દ્વારા ભગવાન શિવજીએ મોકલાવેલ સંદેશો સાંભળી તથા દેવી લક્ષ્મીજીની સ્થિતિને જાણી ભગવાન વિષ્ણુએ અશ્વનું રૂપ લીધું. એ રૂપ સાથે તેઓ લક્ષ્મીજી પાસે ગયા. સમયાન્તરે દેવી લક્ષ્મીને 'એકવીર' નામનો પુત્ર થયો. તેના દ્વારા જ 'હૈહય-વંશ'ની ઉત્પત્તિ થઈ.

આ પ્રકારે લક્ષ્મીજીના શાપની નિવૃતિ થઈ અને ફરી એક વખત દિવ્ય શરીર ધારણ ધરી દેવી લક્ષ્મીજી ભગવાન વિષ્ણુ સાથે વૈકુંઠમાં ગયા. તેમની શિવ આરાધના સફળ થઈ ગઈ.

# કેરળમાં ૪૦ હજારથી વધુ સંપૂર્ણ રસી લીધેલ લોકોનો ટેસ્ટ પોઝિટિવ એ ચિંતાનો વિષય

નવી દિલ્હી તા.૧૩

કેરળમાં કોવિડ-૧૯થી સંક્રમિત એવા ૪૦ હાજરથી વધુ લોકો મળી આવ્યા છે જેમણે સંપૂર્ણ રસી લીધી હતી. સ્વાસ્થ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલયના ટોચના અધિકૃતસૂત્રોએ આમાહિતીઆપીહતી. કેરળમાંઆ રીતના કેસો મળી આવતા કેન્દ્ર સરકારે કેરલ સરકારને સૂચનાઓ આપી છે કે, સરકાર એવા કેસોની અમને વિગતો પૂરી પાડે જેથી અમે એમના જેનોમ સિક્વન્સનું પૃથક્કરણ કરાવી શકીએ. જેનોમ સિક્વન્સદ્વારા નિદાન કરાયેલ દર્દીઓ અને અન્ય કેસોના સેમ્પલો મેળવી સરખામણી કરવામાં આવે છે. સૂત્રોએ જણાવ્યું કે, આ ખરેખર ચિંતાનો વિષય છે કે વાયરસ એ રીતે બદલાઈ જાય છે કે એ રસી લીધેલ અને કોરોનાથી સાજા થયેલ વ્યક્તિઓના શરીરમાં પ્રવેશી સંક્રમિત કરી શકે છે. જોકે હજુ સુધી પુષ્ટિ થઈ નથી કે જે કેસો હાલમાં નોંધાયા છે તેઓ ડેલ્ટા વેરિયન્ટના છે કે કેમ ? મોટાભાગના કેસો પથાનામથીત્તા જિલ્લામાંથી મળી આવ્યા છે. કોવિડ રસીનો પ્રથમ ડોઝ મેળવ્યા પછી પથાનામથીત્તામાં ૧૪૯૭૪ લોકો સંક્રમિત થયા હતા અને ૫૦૪૨ એવા લોકો મળીઆવ્યા હતા જેમણે રસીના બંને ડોઝ લીધા હતા. પૂર્નઃ સંક્રમિત જોકે ભાગ્યે જ થાય છે પણ અસંભવિત નથી. એવા કેસો કેરળના અન્ય જિલ્લાઓમાંથી પણ મળી આવ્યા હતા. કોરોનાથી પ્રથમ વખત રક્ષણ મેળવવા રસી મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. પણ એમના માટે પણ એટલું જ મહત્ત્વપૂર્ણ છે જેમને કોરોના થઈ ચૂક્યો છે. કેરળમાં પ્રતિ દિવસે લગભગ ૨૦ હજાર નવા કેસો નોંધાઈ રહ્યા છે, રાજ્યમાં ગઈકાલે ૨૧૧૧૯ નવા કેસો નોંધાયા હતા અને ૧૫૨ વ્યક્તિઓએ પોતાનો જીવ ગુમાવ્યો હતો.

# ગુજરાત, બિહાર સહિત સાત રાજ્યોએ વડાપ્રધાન પાક વીમા યોજનામાંથી પોતાનાં નામ કેમ પાછા ખેંચી લીધા છે ? : સંસદીય સમિતિનો કેન્દ્રને વેધક સવાલ

નવી દિલ્હી તા.૧૩

ભાજપ શાસિત ગુજરાત અને બિહાર સહિત દેશના સાત રાજ્યોએ પીએમ ફસલ બીમા યોજના (પીએમએફબીવાય) એટલે કે વડાપ્રધાન પાક વીમા યોજનામાંથી પોતાના નામ કેમ પાછા ખેંચી લીધાં છે ? તેની પાછળના કારણો જાણવા માટે સંસદીય સમિતિએ કેન્દ્રને વેધક પ્રશ્ન પૂછ્યો છે કે આખરે દેશના આ સાત મોટા રાજ્યોએ આ યોજનામાંથી પોતાનું નામ પાછું ખેંચવાનો કેમ નિર્ણય કર્યો છે. સમિતિએ એ સવાલ પણ પૂછ્યો છે કે શું વડાપ્રધાન પાક વીમા યોજનાની અલોકપ્રિયતા છે કે પછી યોજનામાં કોઈ મોટા ખામી રહી ગઈ છે? સંસદમાં આવેલા રિપોર્ટ ઉપરથી જાણવા મળ્યું છે કે ૨૦૧૬માં યોજના લાગું થયા બાદથી જ પંજાબ તેમાં ક્યારેય સામેલ ન હતું. જ્યારે બિહાર અને બંગાળે ૨૦૧૮ અને ૨૦૧૯માં પોતાના નામ પાછા ખેંચી લીધા હતાં એ જ રીતે આંધ્રપ્રદેશ, ગુજરાત, તેલંગાણા અને ઝારખંડે પણ ૨૦૨૦માં યોજનામાં સામેલ થવાનો ઈન્કાર કર્યો હતો. કેન્દ્રએ તેના વિરોધમાં દલીલ કરતાં જણાવ્યું હતું કે, સાત રાજ્યોને બાકાત રાખીએ તો પણ યોજનામાં ખેડૂતોની અરજીઓમાં વધારો થયો છે અને ૨૦૧૫-૧૬માં તેની સંખ્યા ૪.૯૫ કરોહતી તે ૨૦૧૯-૨૦માં ૦.૮ કરોડ સુધી પહોંચી છે જે આ યોજનાની પ્રસિદ્ધિ અને સફળતા દર્શાવે છે. કેન્દ્રએ જણાવ્યું છે કે, રાજ્ય સરકારોના આર્થિક અવરોધો અને સામાન્ય મોસમ દરમ્યાન ઓછા દાવાનો રેશિયો આ યોજનામાંથી પીછેહઠ કરવાનું મોટું કારણ છે. જો કે નામ પરત લેનારા મોટા ભાગના રાજ્યો પોતાની યોજના લાગું કરી રહ્યાં છે. સમિતિનું માનવું છે કે, યોજનામાંથી નામ પાછું ખેંચવું અથવા તેને ચાલુ નહીં રાખવાથી આ યોજના જે હેતુથી ચાલુ કરવામાં આવી હતી તે હેતુ સિદ્ધ થઈ શકશે નહીં. સરકારનું કહેવું છે કે, ૨૦૧૯માં ખરીફ પાક દરમ્યાન ૪ કરોડ કિસાનોના અરજી ફોર્મ પ્રાપ્ત થયાં હતાં, જ્યારે ૨૦૨૦માં ખરીફ પાક દરમ્યાન આંધ્રપ્રદેશ, તેલંગાણા, ઝારખંડ અને ગુજરાતની યોજનાને કાર્યાન્વિત નહીં કરવાના કારણથી આ સંખ્યા ૪.૭ કરોડ રહી હતી. જો કે બાકીના ૧૭ રાજ્યોએ ૨૦૧૯ અને ૨૦૨૦માં ખરીફ પાક યોજનાને કાર્યાન્વિત રાખી હતી અને એટલા માટે ૨૦૧૯માં ૩.૫૮ કરોડ અરજીઓનો વધારો થયો હતો અને આ સાથે સંખ્યા ૪.૨૭ કરોડ ઉપર પહોંચી હતી. ૨૦૨૦થી આ યોજના ખેડૂતો માટે સ્વૈચ્છિક કરી દેવામાં આવી છે તેમાં ખેડૂતોને પ્રિમિયમની માત્ર ૧.૫થી ૫ ટકાની ચુકવણી કરવાની હોય છે બાકીનો ખર્ચ રાજ્ય સરકાર અને કેન્દ્ર અડધો અડધો વહન કરે છે. સમિતિએ વડાપ્રધાન પાક વીમા યોજનાની એક જોગવાઈ ઉપર કડક વિરોધ દર્શાવ્યો છે કે, જેમાં એવું જણાવાયું છે કે, એવા કરજદાર કિસાનો કે જેઓ આ યોજનામાં જોડાયેલા રહેવા માગતાં નથી તેઓ સંબંધિત બેંક શાખાને જાણ કરીને યોજનામાંથી વર્ષમાં કોઈ પણ સમયે બહાર નીકળી શકે છે. પરંતુ તેમણે આ માટે સંબંધિત મોસમના ખેડૂતોના નોમિનેશનના એક સપ્તાહ પૂર્વે જાણ કરવાની રહેશે. જો આવું કરવામાં નહીં આવે તો તેમનો પ્રિમિયમ કોન્ટ્રીબ્યુશન વર્તમાન નિયમ મુજબ કાપવામાં આવશે. સમિતિનું કહેવું છે કે, ભલે ખેડૂતો પાસો યોજનામાંથી બહાર નીકળવાની જોગવાઈ છે પરંતુ ખેડૂતો આ જાણકારીથી અજાણ હોય છે અને તેમના એકાઉન્ટમાંથી પ્રિમિયમના નાણા કપાઈ જાય છે. સમિતિએ એટલા માટે વિભાગને આ જોગવાઈ બદલવાની ભલામણ કરી છે.

# પેગાસસના દુરૂપયોગ અંગેના આક્ષેપો પ્રત્યે એનએસઓ ગ્રુપનો જવાબ અનેક વધુ સવાલો ઊભા કરી રહ્યો છે

નવી દિલ્હી તા.૧૩

પેગાસસ સ્પાયવેરના ઉત્પાદક કંપની ઈઝરાયેલની એનએસઓ ગ્રુપ જ્યારે પણ આક્ષેપો થાય છે ત્યારે હંમેશા એક જ બચાવ કરે છે કે તેના સ્પાયવેરની પ્રોડક્ટનો કઈ રીતે દુરૂપયોગ થાય છે તેની તેને કોઈ ખબર નથી. પરંતુ પ્રશ્ન એ છે કે એવું કઈ રીતે શક્ય બને કે પોતાના સરકારી ગ્રાહકો પેગાસસ સાથે શું કરે છે તેની તેને ખબર ન હોય ? જૂન, ૨૦૨૧માં જારી કરાયેલ તેલઅવીવ સ્થિત કંપનીના પ્રથમ પારદર્શિતા અહેવાલમાં એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે તે કઈ રીતે કામ કરે છે તે બાબત ગોપનીય છે. આ રિપોર્ટની શરૂઆત એવી કરવામાં આવી છે કે કંપની અંગે કેટલીક ભ્રમણાઓ પ્રવર્તે છે. જેમાં એક ભ્રમણા એવી છે કે એનએસઓ પેગાસસને ઓપરેટ કરે છે અને જેની વિરૂદ્ધ તેનો ઉપયોગ થતો હોય એવી વ્યક્તિઓ અંગે માહિતી એકત્રા કરે છે. વાસ્તવમાં હકીકત એ છે કે એનએસઓ પેગાસસનું લાયસન્સ સાર્વભૌમ રાજ્યો અને રાજ્યની સંસ્થાઓને આપે છે અને પોતે પેગાસસ ઓપરેટ કરતી નથી અને ગ્રાહકો અંગે કોઈ માહિતી એકત્ર કરતી નથી. આમ એક બાજુ એનએસઓ એવો સતત દાવો કરે છે કે પરંગાસસનો તેમના ક્લાયન્ટ કઈ રીતે ઉપયોગ કરે છે તેની તેમને કોઈ વિઝિબિલિટી નથી અને તેથી કોઈ દુરૂપયોગ માટે તે જવાબદાર નથી. જ્યારે બીજી બાજુ એવું કહે છે કે તેનામાં પોતાના ક્લાયન્ટ્સનું ચેકઅપ કરવાની અથવા દુરૂપયોગના આક્ષેપો થાય ત્યારે ઈન્સ્પેક્શન કરવાની ક્ષમતા છે. હવે અહીં બે પ્રશ્નો ઊભા થાય છે. પ્રથમ પ્રશ્ન એ છે કે એનએસઓ પોતાના તમામ ક્લાયન્ટ્સની કઈ રીતે તપાસ કરે છે અને તેમના દ્વારા કોઈ વ્યક્તિને નિશાન બનાવાઈ હતી એ કઈ રીતે નિર્ધારીત કરે છે અને બીજો પ્રશ્ન એ છે કે શું ગ્રાહક કોઈ પણ રીતે આ તપાસને અવરોધી શકે છે ? તેના જવાબમાં પેગાસસ પ્રોજેક્ટ અંગે એનએસઓ જણાવે છે કે ઘણીવાર ખૂબ જ ટૂંકા સમયમાં ઈન્સ્પેક્શન કરવામાં આવે છે. તેની પોતાની કબૂલાત અનુસાર ૪૦ દેશોમાં તેના ૬૦ ગ્રાહકો ફેલાયેલા છે. એનએસઓનો દાવો છે કે ઝડપી પ્રતિસાદ દર્શાવે છે કે તેનામાં માત્ર થોડા દિવસની અંદર જ આ ગ્રાહકોની સઘન તપાસ કરવાની ક્ષમતા છે. આમ એનએસઓ દ્વારા પેગાસસના દુરૂપયોગ અંગેના આક્ષેપોના જે જવાબો આપવામાં આવ્યાં છે તેમાંથી જ વધુ પ્રશ્નો ઊભા થાય છે, ખાસ કરીને કંપનીનો બે બાબતે જે ઈન્કાર કરવામાં આવ્યો છે તેમાં પારદર્શિતાના અભાવની શંકા ઊભી થાય છે. આ ઉપરાંત બીજો એક પ્રશ્ન એ છે કે શું તપાસને પણ ગેરમાર્ગે દોરી શકાય છે ? આ બાબતમાં ક્લાયન્ટનો સહકાર કેવો હોય છે તે હજુ સ્પષ્ટ થતું નથી. આથી અપ્રામાણિક ક્લાયન્ટ દ્વારા એનએસઓની તપાસ અવરોધી શકાય કે તેમ તે બાબતે પણ સ્પષ્ટતા થતી નથી.

# સંસદનું નવું ભવન ૧૫ ઓગસ્ટ ૨૦૨૨ સુધીમાં પૂર્ણ થવાની ધારણા : લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા

નવી દિલ્હી તા.૧૩

લોકસભા સ્પીકર ઓમ બિરલાએ બુધવારે કહ્યું હતું કે, નવા સંસદ ભવનનું નિર્માણ ૧૫ ઓગસ્ટ ૨૦૨૨ પહેલાં પૂર્ણ થવાની ધારણા છે, જ્યારે ભારત બ્રિટિશ શાસનથી આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ કરશે. લોકસભા સ્થગિત થયા બાદ બિરલાએ પત્રકારોને જણાવ્યું હતું કે, 'અમે એવા પ્રયત્ન કરીશું કે નવું સંસદ ભવન ૧૫ ઓગસ્ટ પહેલાં (૨૦૨૨માં) તૈયાર થઈ જાય અને જ્યારે દેશ આઝાદીના ૭૫ વર્ષ પૂરા કરે ત્યારે અમે તેણી ઉજવણી નવા સંસદભવનમાં કરીએ.' બિરલાએ કહ્યું કે, સંસદના નીચલા ગૃહમાં થયેલા મતભેદોથી તેમને દુઃખ થયું છે. આ સત્રમાં અપેક્ષામુજબ ગૃહની કાર્યવાહી થઈ ન હતી. ગૃહમાં મહત્તામ કામ થાય અને જનતાને લગતા મુદ્દાઓ ઉપર ચર્ચા થાય તે જોવાનો હું હંમેશા પ્રયત્ન કરૂ છું. ચોમાસુ સત્ર દરમ્યાન વિપક્ષના વિરોધ ઉપર ટિપ્પણી કરતી વખતે સ્પીકર બિરલાએ કહ્યું કે, લોકસભામાં પ્લેકાર્ડ્સ અને સૂત્રોચ્ચાર કરતા સભ્યો એ સંસદની પરંપરા નથી. સમગ્ર સત્ર દરમ્યાન ગૃહમાં માત્ર ૨૧ કલાક કામ થયું હતું. છેલ્લા બે વર્ષમાં વધુ કામ થયું છે અને સંસદમાં કાર્યવાહી મોડીરાત સુધી ચાલુ રહી હતી અને સાંસદોએ કોવિડ દરમ્યાન પણ સક્રિય યોગદાન આપ્યું હતું. કુલ ૨૦ બિલ પસાર કરવામાં આવ્યા હતા, જેમાં ઓબીસી બિલનો સમાવેશ થાય છે જે તમામ પક્ષોની સર્વસંમતિથી પસાર થયો હતો. હું પીએમ અને ગૃહમાં યોગદાન આપનારા તમામ પક્ષોના નેતાઓનો આભાર માનું છું. તેમણે કહ્યું કે, 'હું હંમેશા અપેક્ષા રાખું છું કે, સાંસદો ગૃહની ગરિમા જાળવે. ગૃહમાં ચર્ચાઓ, કરારો અને મતભેદો થયા છે પરંતુ તેની ગરિમા ક્યારેય ઓછી કરવામાં આવી નથી. હું તમામ સાંસદોને વિનંતી કરૂ છું કે, ગૃહને સંસદીય પરંપરાઓ અનુસાર ચલાવવામાં આવે અને તેનું ગૌરવ જાળવવામાં આવે. સૂત્રોચ્ચાર અને બેનરો દર્શાવવા કરવા એ આપણી સંસદીય પરંપરાઓનો ભાગ નથી.

**ચોમાસુ સત્ર ટુંકાવવા માટે સરકાર જ જવાબદાર : વિપક્ષ**

દરમ્યાન, વિપક્ષો સંસદમાં ધમાલ માટે સરકારને જવાબદાર ઠેરવી હતી. લોકસભામાં કોંગ્રેસના નેતા અધીરરંજન ચૌધરીએ કહ્યું કે, સરકાર વિપક્ષની છબિ ખરાબ કરવા માંગે છે. સરકારે સ્થગિત કરવાનો અચાનક નિર્ણય લીધો હતો અને મહત્ત્વના મુદ્દાઓ ઉપર કોઈ ચર્ચા થઈ ન હતી, તે માત્ર વિપક્ષને ખરાબ પ્રકાશમાં રંગવા માંગે છે. મેં આજે પહેલી વખત વડાપ્રધાન મોદીને જોયા. જ્યારે બધું સમાપ્ત થાય છે, ત્યારે જ તેઓ દેખાય છે. 'પેગાસસ' ઉપર ચર્ચા કરવા માટે અમારી સતત અપીલ છતાં, આ મુદ્દો ગૃહમાં લેવામાં આવ્યો ન હતો. જ્યારે તેના ઉપર વૈશ્વિક ચર્ચા ચાલી રહી છે, જ્યારે ફ્રાન્સ, જર્મની, હંગેરી સાથે ચર્ચા કરી રહ્યા છે, ત્યારે અમારી માંગણીઓને કેમ અવગણવામાં આવી છે ? અમે ઈંધણના ભાવમાં વધારો, ખેતીના મુદ્દાઓ, ફૂગાવો, રસીકરણની સ્થિતિ ઉપર પણ વ્યાપક ચર્ચા કરવા માંગીએ છીએ પરંતુ કોઈ ફાયદો થયો નથી. ૭-૮ મિનિટમાં બિલ પસાર કરવામાં આવ્યા હતા અને અમારી અપીલ સાંભળવામાં આવી ન હતી.

# રક્ષાબંધન પહેલા મહિલાઓનાં હિતમાં કેન્દ્ર સરકારે ૧૬૨૫ કરોડની સહાય જાહેર કરી

નવી દિલ્હી તા.૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા આત્મનિર્ભર નારી-શક્તિ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ દરમ્યાન તેમણે મહિલા ઉદ્યોગસાહસિકો માટે ૧૬૨૫ કરોડની રકમ જાહેર કરી. પીએમ મોદીએ દીનદયાલ અંત્યોદય યોજના-રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન સાથે સંકળાયેલા મહિલા સ્વ-સહાય જૂથોની મહિલા સભ્યો સાથે વાતચીત કરી અને પછી દેશને સંબોધન કર્યું હતું. પીએમ મોદીએ કહ્યું, 'મહિલાઓમાં ઉદ્યોગસાહસિકતાનો વ્યાપ વધારવા માટે, આત્મનિર્ભર ભારતના સંકલ્પમાં વધુ ભાગીદારી માટે મોટી આર્થિક મદદ બહાર પાડવામાં આવી છે. તે ફૂડ પ્રોસેસિંગ સાથે સંબંધિત સાહસો હોય, મહિલા ખેડૂત ઉત્પાદક સંઘ અથવા અન્ય સ્વ-સહાય જૂથો, આવા બહેનોના લાખો જૂથોને ૧૬૦૦ કરોડ રૂપિયાથી વધુ મોકલવામાં આવ્યા છે. પીએમ મોદીએ આગળ કહ્યું, 'કોરોનામાં સ્વ-સહાય જૂથો દ્વારા જે રીતે અમારી બહેનોએ દેશવાસીઓની સેવા કરી તે અભૂતપૂર્વ છે. માસ્ક અને સેનિટાઈઝર બનાવવું, જરૂરિયાતમંદોને ભોજન પૂરૂ પાડવું, જાગૃતિનું કાર્ય, તમારા સખી જૂથોનું યોગદાન દરેક રીતે અનુપમ રહ્યું છે. જ્યારે અમારી સરકાર આવી ત્યારે અમે જોયું કે દેશની કરોડો બહેનો છે જેમનું બેંક ખાતું પણ નથી, જે બેંકિંગ સિસ્ટમથી દૂર છે. એટલા માટે અમે સૌપ્રથમ જન ધન ખાતા ખોલવા માટે એક વિશાળ અભિયાન શરૂ કર્યું.' આજે બદલાતા ભારતમાં દેશની બહેનો અને દીકરીઓ માટે આગળ વધવાની તકો વધી રહી છે. તમામ બહેનોને ઘર, શૌચાલય, વીજળી, પાણી વગેરે જેવી સુવિધાઓ સાથે જોડવામાં આવી રહ્યા છે.

# ભારત-સાઉદી નૌસેનાનો પ્રથમ વખત યુદ્ધાભ્યાસ, બંને દેશો સંરક્ષણ ક્ષેત્રે પણ ભાગીદારી વધારવા ઈચ્છુક

નવી દિલ્હી તા.૧૩

ભારતીય નૌ સેના અને ગલ્ફના સૌથી શક્તિશાળી દેશ મનાતા સાઉદી અરબની નૌસેના વચ્ચે પહેલી વખત યુદ્ધઅભ્યાસ થવા જઈ રહ્યો છે. બંને દેશ વચ્ચેના આર્થિક સબંધોનો વ્યાપ વિસ્તરી રહ્યો છે ત્યારે હવે સંરક્ષણ ક્ષેત્રે પણ બંને દેશો ભાગીદારી વધારવા માટે ઈચ્છુક છે તેવો સંદેશ આ યુદ્ધાભ્યાસથી દુનિયાને જશે. જેના પગલે પાકિસ્તાની સરકારનું ટેન્શન વધશે તે નિશ્ચિત છે. લશ્કરી રીતે પાકિસ્તાન અત્યારસુધી સાઉદી અરબની નજીક રહ્યું છે. ભારત અને સાઉદી અરબ વચ્ચેની આ કવાયતને અલ મોહેદ અલ હિન્દી નામ આપવામાં આવ્યુ છે. તેમાં ભાગ લેવા માટે ભારતીય નૌસેનાનું શક્તિશાળી યુદ્ધ જહાજ આઈએનએસ કોચિ સાઉદી અરબ પહોંચી ચુક્યું છે. આ જહાજે તાજેતરમાં જ યુએઈની સેના સાથે અબુધાબીના દરિયામાં યુદ્ધાભ્યાસ કર્યો હતો. હવે ભારત અને સાઉદીના યુદ્ધ જહાજો વચ્ચે દરિયામાં બુધવારથી અભ્યાસ શરૂ થશે. આ પહેલા ભારતીય યુદ્ધ જહાજનું સાઉદી નૌસેના દ્વારા જોરદાર સ્વાગત કરવામાં આવ્યું હતું. ગલ્ફના દરિયામાં તનાવ વચ્ચે યોજાનારા આ અભ્યાસ ઉપર બધાની નજર છે. આ પહેલા ઓમાનના દરિયા કિનાર નજીક એક ડ્રોન દ્વારા એક ટેન્કર ઉપર હુમલો કરાયો હતો અને ટેન્કર ઈઝરાયેલી કંપનીનું હતું. જેમાં બે નાગરિકોના મોત થયા હતા. આ હુમલામાં ઈરાનનો હાથ હોવાની અટકળો થઈ હતી. ભારત અને સાઉદી અરબ વચ્ચે રક્ષા સબંધો મજબૂત થઈ રહ્યા છે. આ પહેલા ભારતીય સેના પ્રમુખ જનરલ નરવણેએ સાઉદીની મુલાકાત લીધી હતી. ભારતના આર્મી ચીફ સાઉદી અરબ પહેલી વખત પહોંચ્યા હતા અને તેના કારણે પાકિસ્તાનમાં ખળભળાટ મચી ગયો હતો.

# તાઉતે વાવાઝોડાગ્રસ્ત ઉનાના મોટાભાગના ગામોનો ખેતીવાડી વીજપુરવઠો ત્રણ માસ પછી પણ બંધ, પાક નિષ્ફળ જવાની ભીતિ

ઉના તા.૧૩

તાઉતે વાવાઝોડાને ત્રણ માસ કરતા વધુ સમય વિતવા આવ્યો છે તેમ છતાં ઉના તાલુકાના મોટા ભાગના ગામડાનો ખેતીવાડી વિજ પુરવઠો લાઈન ઉભી નથવાના કારણે બંધ હોય ખેતીવાડીં વિસ્તારમાં વસતાં જગતના તાત અંધારામાં લાંબો સમય અનેક યાતનાઓ વેઠી રહ્યાં છે તેમાં પણ અધુરૂ હોય તેમ વાવણી લાયક વરસાદ થતાં કપાસ, માંડવી, તલના પાકોનું વાવેતર કરતા અને કુદરત રૂઠીયો હોય તેમ વરસાદ ખેંચાતા હવે ઉભાં મોલને બચાવવા પાણીની ખાસ જરૂરિયાત ઊભી થવા લાગેલ છે. વાવાઝોડામાં તમામ વિજ લાઈનો પડી જવાના કારણે પીજીવીસીએલ દ્વારા ખેતીવાડી વિજ પુરવઠો લાઈન ઊભી કરવાની કામગીરી મંદગતિએ કરાતી હોવાથી પાવર સપ્લાય શરૂ ન કરાતાં ખેડુતો જનરેટર મારફતે પોતાની ખેતિમાં ઉભેલ પાક બચાવવા પાણી પીવડાવતા હતા. પણ ડીઝલના વધતા ભાવને કારણે ખેતિ કરવી મોંઘી પડતાં છતે પાણી એ પોતાનું વાવેતર બિયારણ બળી જવાનાં કારણે પાક નિષ્ફળ જવાની ભીતી અનુભવી રહ્યા છે. હાલ ખેડુતોએ વાવેલ પાક ખીલી ઉઠ્યો છે. પરંતુ પાણીની ખાસ જરૂરિયાત ઊભી થવા લાગેલ છે. અને નદી કાંઠા વિસ્તારમાં જળની આવક હોવાના કારણે ખેડુતોના ખેતરોમાં આવેલા પાણીના કુવામાં પાણી હોવા છતાંપણ વિજ પુરવઠાના ઠેકાણા ન હોવાના કારણે ખેડુતોના ઉભા પાક બળી જવાનો ડર સંતાવી રહ્યો છે. હાલ તો વરસાદ અને વિજ પુરવઠાના અભાવે ઉના-ગીરગઢડા તાલુકાના અનેક ગ્રામિણ વિસ્તારમાં આવેલ ખેતીવાડીના બાગાયતી બગીચા તાઉતે વાવાઝોડાનાં કારણે સાફ થઈ ગયા છે. અને આપવિતીના અસરગ્રસ્ત ખેડુતો અને કૃષિપાક લેતાં ખેડુતોની એક માત્ર આશા ચોમાસું પાકસારો થાય તેના ઉપર હતી તે પણ નિષ્ફળ જઈ રહ્યો હોવાનો શૂર સાંભળવા મળી રહ્યો છે.

# સરકાર વેપારીની જેમ નફાકારક રીતે વર્તે છે અને વેપારીઓ સરકારની જેમ કોઈ શરમ વગર લોકોને લુંટે છે !

તેલ ગયું, તેલ લેવા-એવું પ્રજા બોલતી નથી એટલે સરકારને અને વેપારીઓને ચડી વાગે છે. વધારે નહીં, એક અઠવાડિયું લોકો પેટ્રોલ ન ભરાવે કે તેલ ન ખરીદે તો સરકાર અને વેપારીઓએ ઘૂંટણીયે પડવું પડે, તેને બદલે આપણે ઘૂંટણીયે પડી જઈએ છીએ અને સરકારને અને વેપારીઓને કાલાંવાલાં કરીએ છીએ કે માઈબાપ અમ ગરીબો સામું જુઓ, નહિતર મોંઘવારીમાં મરી જઈશું. એક વાત સમજી લેવાની રહે કે મોંઘવારી સરકાર નથી વધારતી, લોકો વધારે છે. આ એકાએક ગળે ન ઊતરે એવી વાત છે, પણ જરા વિચારીશું તો સમજાશે કે ભાવ વધારાને, સંગ્રહખોરીને ઉત્તેજન લોકો આપે છે અને સરકાર અને વેપારીઓ તેનો લાભ ઉઠાવે છે. આજ રાતથી પેટ્રોલના ભાવ પૈસામાં વધવાના હોય તો પેટ્રોલ પંપ ઉપર લાઈનો લાગી જાય છે અને સસ્તામાં પેટ્રોલ ભરાવી લીધાના ગૌરવ સાથે લોકો પાછા ફરે છે. બનવું તો એવું જોઈએ કે પેટ્રોલ-ડીઝલનો ભાવ વધે કે લોકો પેટ્રોલ ભરાવવાનું બેચાર દિવસ પણ બંધ કરી દે તો ઓઈલનો ઉપાડ ઘટશે અને સરકારને એ ઘટાડાનું કારણ શોધવાની ફરજ પડશે. પેટ્રોલ પંપ ખાલી થવા માટે જ છે, એ ખાલી નહીં થાય તો પેટ્રોલ પંપના માલિકો એ કૈં પીવાના નથી. એણે પણ ધંધો કરવાનો છે.પણ, લોકો વધારે ગરજાઉ છે અને પેટ્રોલ માલિકોને ખાતરી છે કે પેટ્રોલ ભરાવશે નહીં તો જશે ક્યાં ? ખરેખર તો સ્થિતિ ઊલટી હોવી જોઈએ. લોકોમાં ખુમારી હોવી જોઈએ કે પેટ્રોલ વેંચશે નહીં તો જશે ક્યાં ? પણ, એવું થતું નથી અને પેટ્રોલની એવી ડિમાન્ડ ઊભી થાય છે કે ભાવ વધે જ. લોકડાઉન વખતે પેટ્રોલના ભાવ તળિયે ગયા હતા તે આપણે જાણીએ છીએ અને એ વખતે પેટ્રોલ વગર કોઈ મરવા પડ્યું ન હતું, છતાં સરકાર જાણતી હતી કે લોકો પેટ્રોલ માટે ગરજાઉ રહેવાના જ છે એટલે બધે ભાવ ઘટ્યા, તો પણ સરકારે કોરોનાની ખોટ ભરપાઈ કરવા ભાવ વધારીને લાખો કરોડની કમાણી કરી. એનો લોકોએ ખાસ વિરોધ નથી કર્યો. થોડા લોકો કે નેતાઓ, સાઈકલ ચલાવી વિરોધ કરે કે બળદગાડાંમાં બાઈક મૂકીને સરઘસ કાઢે એટલાથી સરકારનો કાંગરોય ખરે એમ નથી. ખરો વિરોધ તો થોડા વખત માટે પેટ્રોલનો વપરાશ બંધ કરીને જ થઈ શકે, પણ એવું થતું નથી. કૈં મોંઘું થવાનું છે કે કૈં નથી મળવાનું એવી ખબર પડે છે તો ઘરમાં ઢગલો આપણે કરીએ છીએ. એવી જ સંગ્રહખોરી વેપારી કરે છે અને પછી મોંઘું વેંચે છે તો તેને ભાંડીએ છીએ. ગુજરાતમાં પણ પેટ્રોલ-ડીઝલ ૧૦૦ની ઉપર તો પહોંચ્યું જ છે અને એ ક્યાં જઈને અટકશે એ નક્કી નથી. સરકાર બહુ થાય તો ભાવ ન વધારીને થોડો થાક ખાય છે, પણ ભાવ ઘટાડતી નથી ને હકીકત છે કે વધેલા ભાવ ઘટતા નથી. મોંઘવારી વધારવાનો પણ જાણે કોન્ટ્રાક્ટ હોય છે. વારા બાંધેલા હોય તેમ સરકાર અને વેપારીઓ એક પછી એક લૂંટવા આગળ આવે છે. પેટ્રોલ-ડીઝલ જપે ન જપે ત્યાં ખાદ્યતેલના વેપારીઓ તેલ નહીં અને તેલની ધાર જોઈને ભાવ વધારવા લાગે છે. બધા જ તકસાધુઓ છે અને લૂંટવાની એક પણ તક જતી કરે એમ નથી. જમતાં પહેલાં જેમ ગાયનું જુદું કાઢીએ છીએ એમ, સરકારનું અને વેપારીનું જુદું કાઢવું જ પડે એ સ્થિતિ છે. પેટ્રોલનું જુદું કાઢીએ એમ તેલનું પણ જુદું કાઢવાનું. તેલની આરોગ્યને લગતી માન્યતાઓ બદલાતી રહી છે. એક સમયે તલનું તેલ ખાવામાં સારૂ ગણાતું અને લોકો નજીકની ઘાણીએથી તાજું તેલ લઈ આવતા. એ તળવામાં સારૂ નહીં, કારણ એમાં ફીણ ખૂબ થાય એટલે તળવામાં સિંગતેલ સારૂ એ ચાલ્યું અને એનો વેપાર વધ્યો. એ પછી તો સનફ્લાવર, પામોલિન, કપાસિયાનું- એમ ઘણાં તેલ બજારમાં આવ્યાં. એ સાથે રિફાઈન્ડ ને ડબલ ફિલ્ટર્ડઓઈલ અને એવું ચાલ્યું. આરોગ્યને નામે પણ આ તેલ સારૂ અને તે તેલ સારૂ અને એવી ઘણી વાતો આવી. એમાં આરોગ્ય કરતાં પ્રચારની વાત વધારે હતી. ઘણાં તેલનો તો કોઈ ભાવ જ પૂછતું ન હતું, એટલે અમુક તેલ કરતાં તમુક સારૂ એવું ચાલ્યું અને આપણે ખાધે રાખ્યું. આમ તો તેલ માત્ર, ખાવામાં, શરીરને ખાસ લાભદાયી નથી જ, પણ બજારમાં જે તેલનો પ્રચાર ચાલતો હતો તે આપણે વધુ કૈં જાણ્યા વગર જ હોજરીમાં ઠાલવ્યે રાખ્યું. કોઈએ ચલાવ્યું કે કપાસિયાનું તેલ વધારે હલકું, તો તેનો ટેસ્ટ કરાવ્યા વગર જ, સસ્તું હતું એટલે તેમાં પેટ બગાડયું અને હવે હાલત એ છે કે કપાસિયાનું તેલ એટલું ઉપડયું કે કપાસ ખુટાડી દીધો. કપાસિયાનું તેલ એટલું મોંઘું થયું કે સિંગતેલને વળોટી ગયું. પેટ્રોલ કરતાં ડીઝલ મોંઘું હોય તો સિંગતેલ કરતાં કપાસિયા તેલ મોંઘું કેમ ન હોય ? કારણો એવાં અપાય છે કે કોરોનાને કારણે લોકો હેલ્થ કોન્સિયસ વધારે થયા છે, એટલે આરોગ્યની દ્રષ્ટિએ સિંગતેલને બદલે કપાસિયાનું તેલ વધુ વાપરે છે, પણ એમાં લોકોની હેલ્થ કરતાં વેપારીની વેલ્થની ગણતરી વધુ છે. વચ્ચે એવો સમય ગયો જ્યારે અહીં જરૂર હતી ત્યારે સિંગતેલની નિકાસ કરી દેવામાં આવી, પરિણામે અહીં તેલની તંગી ઊભી થઈ. એમાં સિંગતેલ મોંઘું થયું અને તેના વિકલ્પે કપાસિયાનું તેલ વધારે ઉપડયું. નવી સિંગ પાકી અને તેનો પણ ભરાવો થયો, પણ કોઈએ ચલાવ્યું કે કપાસિયાનું તેલ ભારે નથી પડતું તો તેનો ઉપાડ વધ્યો અને સમાંતરે ભાવ પણ ઊંચકાયા, તે ત્યાં સુધી કે સિંગતેલના ૧૫ લિટરના ડબ્બાના ઓલરેડી ૨૫૦૦ તો હતા જ, કપાસિયાનું તેલ ૨૫૫૦ સુધી પહોંચી ગયું. જોવાની ખૂબી એ છે કે સિંગતેલના વપરાશકર્તા ખરેખર ઘટ્યા હોય તો સિંગતેલનો ભાવ ઘટવો જોઈએ, પણ તેવું બન્યું નથી. વારૂ, લોકો હેલ્થ કોન્સિયસ થયા હોય તો તેલ માત્રનો વપરાશ ઘટવો જોઈએ, પણ તેલનો વપરાશ ઘટ્યો નથી. વપરાશ ઘટ્યો હોત તેલ ઉપાડ ઘટ્યો હોત અને ભાવ પણ ઘટ્યા હોત, પણ વપરાશ વધે કે ઘટે ભાવ ઘટતો નથી એ હકીકત છે. એનું કારણ એ છે કે વસતીના પ્રમાણમાં વસ્તુની તંગી કાયમ રહે જ છે. જ્યાં સુધી ગુજરાતી પ્રજા અને તેમાંય સુરતનો સવાલ છે, તેલનો વપરાશ ઘટતો નથી, એટલે સિંગતેલ હોય કે કપાસિયા તેલ, બધું જ ખપી જતું હોય ત્યાં તંગી સ્વાભાવિક જ રહેવાની. એ સંજોગોમાં ભાવ ઘટે એવી તકો ઓછી જ રહે છે. સોમવારથી શ્રાવણનો પ્રારંભ થયો છે. ઉપવાસીઓ વધશે એ સાથે ફરાળ પણ વધશે એટલે તેલની ખપત ઘટવાની નથી તે તેલિયા રાજાઓ જાણે છે. એ ઓછું હોય તેમ દિવાળી સુધી તહેવારોની ભરમાર ચાલુ રહેશે અને એમાં તેલનો વપરાશ વધવાનો છે એ વેપારીઓ જાણે છે અને એ પણ જાણે છે કે ભાવ વધારીશું તો પણ લોકો ખરીદતાં અટકવાના નથી. એવો કોઈ શ્રાવણ મહિનો ગયો નથી, જેમાં તેલના ભાવ વધ્યા ના હોય. છત હોય કે અછત તહેવારોમાં તેલ મોંઘું થાય જ છે. એ સાથે જ બેસન, રવો, ચણાની દાળ વગેરેનો વપરાશ પણ મીઠાઈ, ફરસાણ વગેરેમાં વધે છે એટલે એના ભાવ પણ આગામી મહિનાઓમાં વધવાના જ છે તે નક્કી છે. એ સાચું કે વેપારીઓની હાલત કોરોનામાં દયાજનક થઈ છે, પણ એથી વધુ દયાજનક સ્થિતિ તો સાધારણ માણસની થઈ છે. એને નોકરીના, આવકના પ્રશ્નો છે અને દવાઓ ઉપરાંત રોજિંદા વપરાશની ચીજ વસ્તુઓનાં ફાંફાં છે. એવે વખતે રાહતની જરૂર સૌથી વધુ સામાન્ય માણસને છે, પણ વેપારીઓ આગલી ખોટ ભરપાઈ કરવા કઈ રીતે કમાણી કરી લેવાય એની ફિરાકમાં રહે છે. બલકી હતું તે સરકારે લોકોની વહારે ધાવાની વાત કરી છે. અમદાવાદમાં અન્ન નાગરિક પુરવઠામંત્રીએ તેલના વેપારીઓની સાન ઠેકાણે લાવવા ધમકી આપી છે કે તેલિયા રાજાઓને બક્ષવામાં નહીં આવે. સંગ્રહખોરો ઉપર વિજિલન્સના દરોડા પાડવામાં આવશે. હસવું આવે છે આવા મંત્રીઓ ઉપર. એક તરફ ગમે તેટલી માત્રામાં સંગ્રહ કરવાની છૂટ છે અને બીજી તરફ સંગ્રહખોરો ઉપર દરોડો પાડવાની વાત સરકાર કરે છે. એ પણ જવા દઈએ, પણ જે સરકાર સસ્તું પેટ્રોલ વેંચી શકે એમ છે તે રોજિંદા ભાવ વધારાથી લોકોને પૂરી નાલાયકીથી લૂંટે છે, તે કયે મોઢે તેલિયા રાજાઓને મોંઘું તેલ વેંચતા અટકાવી શકશે તે નથી સમજાતું. આ તો ડાહી સાસરે ન જાય અને ગાંડીને શિખામણ આપે-વાળો જ ઘાટ છે કે બીજું કૈં? એક વસ્તુ સમજાય છે કે સરકાર વેપારીની જેમ નફાકારક રીતે વર્તે છે અને વેપારીઓ સરકારની જેમ કોઈ પણ શરમ વગર લોકોને લૂંટે છે. સામે કોઈ પણ હોય, લૂંટાવું, લોકો માટે ફરજિયાત છે. જોઈએ, ભવિષ્ય કયા કયા પ્રકારની લૂંટથી ભરેલું છે તે.

# સરકારી કર્મચારીઓના ભથ્થા અને પેન્શનમાં વધારો કરીને વધતી મોંઘવારીનો સ્વીકાર

## કર્મચારીઓને ખુશ કરવાનું કદમ સારૂ છે પરંતુ અન્ય આર્થિક રીતે નબળા લોકોનું પણ સરકારે વિચારવું જોઈએ

જૂનાગઢ તા. ૧૩

એક સમય એ હતો કે દેશમાં સામાન્ય ભાવવધારા સામે અહિંસક આંદોલન જગાવીને સમાજ સેવકો સડકો ઉપર ઉતરી આવતા અને તે વધેલ ભાવવધારાને પરત ખેંચાયે છટકો થતો. તેનો કારણે દેશભરમાં કોઈપણ વસ્તુના ભાવ વધારવા હોય તો સરકાર તો શું ખાનગી ઉત્પાદકો પણ સો વખત વિચાર કરતા હતા. તે સમય હવે સ્વપ્ન બનીને સામે આવ્યો છે. દેશમાં દિનપ્રતિદિન હરદિન ભાવવધારાનો આર્થિક બોજ દેશવાસીઓ ઉપર કરોડોની જેમ વિંઝાય રહયો છે છતાં તે બાબતે જે સન્નાટો અને ચુપકીદી જોવા મળી રહી છે તે અહોમ આશ્ચર્યમ્ મનાય છે. દેશનો દરેક નાગરીક આ મોંઘવારીની ચકકીમાં પિંસાઈ રહયો છે તેમ છતાં કોઈ અવાજ નીકળતો નથી, કોઈ વિરોધ જોવા મળતો નથી અને તેને વશ થઈ નાણાં ચુકવાઈ રહયા છે. એટલે તેનો મતલબ એ માનવો રહયો કે, ગમે તેટલો ભાવવધારો થાય પરંતુ લોકોને તેની કોઈ અસર નથી કે કંઈ પડી નથી. અગાઉ જે વિરોધ વંટોળ જોવા મળતો હતો તે સેવા કરતા રાજકારણ વધુ ભળેલ તેનું તે પરિણામ હતું. જયારે હવે રાજકારણે પણ કરવટ બદલેલ હોય તેમ ચુપકીદી સેવાઈ રહી છે. વધતી મોંઘવારીના નામે ૨૦૧૪ની લોકસભાની ચુંટણીમાં આ મુદાને ચુંટણી ઢંઢેરામાં સમાવી લોકોને સ્પર્શતી વાત લઈને ભાજપ ‘અબકી બાર મોદી સરકાર’ના નારા સાથે નીકળેલ અને એવા વચનો અપાયા કે પ્રજા ભોળવાઈ મોંઘવારી ઘટશે અને ‘સૌનો સાથ સૌનો વિકાસ’ બની રહેશે. મતદારો ભોળાપણ સાણાય છે. એટલે સાથ અને વિકાસમાં અબકી બાર વિકાસ મળ્યો! તેની સાથે મોંઘવારીને પણ આમંત્રણ આપી દીધું.

આ મોંઘવારી પાછી પાની કરવાનું નામ લેતી નથી. કોઈએ વિચારેલ નહીં કે પેટ્રોલ-ડીઝલ અને ગેસ તથા ખાદ્ય તેલના ભાવમાં આટલો મોટો ભડકો થશે તે આજે સામાન્ય માનવી તે ભડકાથી આર્થિક દાઝી રહયા છે છતાં ચુપકીદી, લોકો મુંગા મોઢે બધું સહન કરવા લાગ્યા છે. રાજકીય પક્ષો તેનું રાજકારણ ગરમાવવા મથી રહયા છે પણ સાણી પ્રજાનો સહકાર ન મળતા તેમને પણ પોરહ ચડતો નથી.

મોંઘવારી વધી રહી છે તેની સાબિતી આપવાની કોઈને કોઈ જરૂર નથી. અગાઉ દરેકવસ્તુના ભાવ હતા અને આજે જે ભાવ છે તેનો તફાવત મેળવો એટલે વધે મોંઘવારીનો આંક સામે આવ્યા વગર રહે નહીં તેનો સ્વીકાર કેન્દ્ર સરકારે પણ કરેલ હોય તેમ તેમના કર્મચારીઓના ડીએ અને ડીઆરમાં વધારો કરી કેન્દ્રીય કર્મચારીઓ મોંઘવારીની જે ચક્કીમાં પિસાતા હતા તેઓને આર્થિક રાહત આપવાનું કામ કર્યુ છે. આ કેન્દ્ર સરકારે કર્મચારીઓના ડીએ અને ડીઆરમાં ૭ ટકાથી વધારીને ૨૮ ટકા કરાયું છે. એટલે કેન્દ્રીય કર્મચારીઓ મોંઘવારી સામે ટકી શકે તેવા પગલા ભરી દેશની તિજોરી ઉપર ભારણ વધાર્યુ.

કેન્દ્રીય કર્મચારીઓને મોંઘવારી સામે જે લાભ આપવાનું આયોજન કરાયું તેનો વિરોધ નથી પરંતુ દેશની જનસંખ્યામાં તે કેટલા ટકા લોકો કર્મચારી હશે? બાકીના લોકોનું પણ વિચારવા જેવું તો ખરૂં ને? મોંઘવારી સૌને સ્પર્શી રહી છે. વધી રહેલ ભાવ જરૂરીયાતમંદ લોકો ચુકવી રહયા છે. ત્યારે અન્ય દેશવાસીઓનું શું? તે તરફ સરકારે વિચારવાની તાતી જરૂરીયાત ઉભી થઈ છે. કેન્દ્ર સરકારે વિચાર્યુ હવે રાજય સરકાર વિચારશે પણ.. સામાન્ય વર્ગના બીન નોકરીયાતોનું કોણ વિચારશે? આ વધારો કરીને સરકારે વધતી મોંઘવારીનો એકરાર કરી દીધો તેમ માની શકાય.

મોંઘવારીના નામે સત્તા પરિવર્તન આવેલ તે મુદો ફરી સામે આવે તો નવાઈ નહીં. આગામી વર્ષે ગુજરાત સહીત અન્ય રાજયોની ચુંટણી સામે છે અને પછી તાત્કાલીક કેન્દ્રની ચુંટણી આવશે. આ મોંઘવારીનો જે સ્વીકાર મનાય છે તેમાં કર્મચારીઓને ખુશ કરવાનું કદમ બની શકે બાકીના લોકોનું તો જરા વિચારો?

# જૂનાગઢમાં રહેણાંક મકાનમાંથી ચોરી કરનાર શખ્સને ઝડપી લેતી પોલીસ

જૂનાગઢ તા. ૧૩

જૂનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક મનીન્દર પ્રતાપસિંહ પવારની સુચના તેમજ પોલીસ અધિક્ષક રવિ તેજા વાશમશેટ્ટી દ્વારા આગામી તા.૧૫મી ઓગસ્ટની રાજયકક્ષાની ઉજવણી જૂનાગઢ શહેરખાતે થનાર હોય જે અન્વયે કાયદો અને વ્યવસ્થાની સ્થિતી સામાન્ય રહે અને જીલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તે હેતુસર સતત વોચ રાખવા તેમજ જીલ્લામાં બનતા ઘરફોડ ચોરીના ગુન્હાને અંજામ આપનાર આરોપીને પકડી પાડવા સુચના કરી માર્ગદર્શન પુરૂં પાડેલ હોય જે અન્વયે ક્રાઈમ બ્રાન્ચના ઈન્ચાર્જ પીઆઈ એચ.આઈ. ભાટી, પીએસઆઈ ડી.જી. બડવા, પીએસઆઈ ડી.એમ. જલુ તથા પોલીસ સ્ટાફ જૂનાગઢ જીલ્લામાં ચોરીના ગુન્હા શોધી કાઢવા અને ગુન્હા બનતા અટકાવવા માટે સતત પ્રયત્નશીલ હોય દરમ્યાન તા.૫-૬-૨૧ ના રાત્રીના સમયે મકાનની અગાસી ઉપરથી ઘરમાં પ્રવેશ કરી મોબાઈલ ફોન કિંમત રૂા.૯,૫૦૦/-તથા રોકડ રકમ રૂા.૪૫૦૦/-ની ચોરી થયેલ જે બાબતે બી-ડીવીઝન પોલીસમાં ફરીયાદ નોંધાવવામાં આવી હતી. આ કામ ઈન્ચાર્જ પીઆઈ એચ.આઈ. ભાટી દ્વારા ગુન્હો ડીટેકટ કરવા સુચના અપાતા આ બનાવમાં સંડોવાયેલ ઈસમને શોધી કાઢવા માટે બનાવ સ્થળના આજુબાજુના સીસીટીટી ફુટેજ તથા ટેકનીકલ સેલની મદદથી અને ખાનગી બાતમીદારોથી તપાસ કરતા ચોકકસ હકીકત મળેલ કે અગાઉ ખુનની કોશિષ, મારામારી તથા દારૂના કેસમાં સંડોવાયેલ દિવાન બટુકભાઈ રહે. કામદાર સોસાયટી, જૂનાગઢવાળો આ ચોરીમાં સંડોવાયેલ છે તેવી માહિતી મળતા દિવાન બટુકભાઈની તપાસ કરતા તેના ઘરે મળી આવતા તેની પુછપરછ કરતા પોતે આશરે બે માસ પહેલા રાત્રીના દોઢથી બે વાગ્યાના અરસામાં ડીલક્ષ પાનની બાજુની ગલીમાં થઈ તેના પાછળના ભાગે આવેલ એપાર્ટમેન્ટનું કામ ચાલુ હોય જે એપાર્ટમેન્ટની સીડી બાજુમાં આવેલ એક મકાનમાં બે ભાઈઓ ઓસરીમાં તથા એક છોકરો અને એક બહેન રૂમમાં સુતા હતા અને ટેબલ ઉપર બે



મોબાઈલ ફોન તથા રોકડા રૂપિયા પડેલ હતા જેની ચોરી કરેલ હોવાનું કબુલતા આરોપી દિવાન બટુકભાઈની ધરપકડ કરી જૂનાગઢ બી-ડીવીઝન પોલીસને વધુ તપાસ માટે સોંપવામાં આવેલ છે.

# પોલીસ વિભાગમાં યોગ શિક્ષકોની નિમણૂંક કરવા માંગ

જૂનાગઢ તા. ૧૩

દેશના પ્રત્યેક જીલ્લાના પોલીસ હેડકવાર્ટરમાં યોગ શિક્ષકોની નિમણૂંકની માંગણી અંગે અખિલ ભારતીય યોગ શિક્ષક મહાસંઘના સંસ્થાપક અધ્યક્ષ યોગગુરૂ મંગેશ ત્રિવેદીએ કરી છે. તેઓએ ઉત્તરપ્રદેશના પ્રભારી મનીષાકુમાર મિશ્રાની સાથે મુલાકાત કરેલ તથા કેન્દ્રીય મંત્રી પાસે રજુઆત કરેલ કે દેશના તમામ સુરક્ષાકર્મીઓ જેમાં સ્થાનિક પોલીસ કર્મચારીઓ પોતાના ઘરથી દુર તમામ પ્રકારના તણાવમાં રહીને રાષ્ટ્રની સેવા કરતા હોય છે. તેઓના સ્વાસ્થ્યની સુરક્ષા અને તેમનો તણાવમુકત જીવનશૈલી આપવા દરેક પોલીસ મુખ્યાલયમાં એક મહિલા યોગ શિક્ષકની નિમણૂંક જરૂરી છે. જેથી કરીને પોલીસ કર્મીઓને નિયમીત યોગ અભ્યાસ કરાવી શકાય. કેન્દ્રીય મંત્રી સમક્ષ એવી રજુઆત પણ કરેલ છે કે કોરોના કાળમાં કરવામાં આવેલ તમામ સંશોધનોમાં એ બાબત પણ સામે આવી છે કે યોગથી રોગ પ્રતિકારક શકિતમાં વધારો થાય છે. અને હોમ આઈસોલેટ દર્દીને સ્વસ્થ અને નિરોગી કરવા માટે યોગ શિક્ષકોની મહત્વની ભૂમિકા રહેલ છે.

# કપિલ સિબ્બલના નિવાસસ્થાને મળેલી વિપક્ષની બેઠકમાં એનડીએના સાથી પક્ષો પણ જોવા મળ્યા

નવી દિલ્હી તા.૧૩

લગભગ ૪૦ વર્ષ પૂર્વે પાછળથી વડાપ્રધાન બનનાર ઈંદરકુમાર ગુજરાલે દિલ્હીમાં પોતાના મહારાણીબાદ નિવાસસ્થાને વિરોધ પક્ષોની એક બેઠક બોલાવી હતી. એ બેઠક પાછળનો હેતુ ઈમરજન્સી બાદ વડાપ્રધાન તરીકે પૂર્ના: સત્તારૂઢ થનાર ઈન્દિરા ગાંધીનો વિરોધ કરવાનો હતો અને જુદા જુદા પ્રાદેશિક જૂથોના કેન્દ્ર ખાતે એકવિકલ્પ તૈયાર કરવાનો હતો. એ વખતે ગઠબંધનની રાજનીતિ હજુ નવી હતી અને આથી આ બેઠક મહત્વપૂર્ણ હતી. આ બેઠક બાદ બોંગ્લોર, શ્રીનગર, કોલકાત્તામાં આવી જ બેઠકો મળી હતી. ત્યારબાદ ઈન્દિરા ગાંધીની હત્યા થઈ હતી અને શીખો વિરૂદ્ધની હિંસાએ દેશના સેક્યુલર માળખાનો નાશ કર્યો હતો. બાકીના ઈતિહાસની સૌને ખબર છે. એલ કે અડવાણીએ પોતાની સુયોજિત રાજનીતિથી લોકસભામાં ભાજપનું સંખ્યાબળ વધાર્યુ હતું અને તેના પગલે એનડીએનો ઉદય થયો હતો જેના કારણે આખરે અટલબિહારીવાજપેયી સત્તારૂઢ થયાં હતાં. કોંગ્રેસ નેતા કપિલ સિબ્બલના નિવાસસ્થાનો તાજેતરમાં મળેલ બેઠકે મને આ બેઠકની યાદ અપાવી હતી. સિબ્બલની મીટિંગમાં એક તફાવત ઉડીને આંખે વળગે એવો હતો. જી-૨૩ ગ્રુપ તરીકે ઓળખાતા તેના સભ્યો હજુ પણ પક્ષના ભાગરૂપ છે પરંતુ તેમણે નેતૃત્વના પ્રતિકૂળ પ્રશ્નો ઉઠાવ્યાં છે અને કોંગ્રેસનું નવસર્જન કરવાની કાર્યવાહી કરવાની માંગણી કરી છે. સોનિયા ગાંધી દ્વારા હવે તેમને વફાદાર તરીકે ગણવામાં આવતાં નથી. રાહુલ ગાંધીની બેઠકમાં હાજરી આપનાર ૧૫ વિપક્ષો ત્યાં હતાં. આ ઉપરાંત એનસીપીના શરદ પવાર, રાજદના લાલુ પ્રસાદ યાદવ, સપાના અખિલેશ યાદવ, રાષ્ટ્રીય લોકદળના જયંત ચૌધરીએ પણ હાજરી આપી હતી. જી-૨૩ સભ્યોમાં ગુલામનબી આઝાદ, આનંદ શર્મા, પૃથ્વીરાજ ચૌહાણ, ભૂપિન્દરસિંહ હૂડા સહિતના નેતાઓ હાજર હતાં. આ ઉપરાંત પી.સી. ચિદમ્બરમ અને તેમના પુત્ર પણ ઉપસ્થિત હતા. ભાજપ ૨૦૧૪માં સત્તારૂઢ થયો ત્યાર બાદ આ વિપક્ષોની સૌથી સફળ બેઠક હોવાનું કહી શકાય કારણ કે તેના કારણે માત્ર પ્રાદેશિક રાજકીય પક્ષો જ નાહીં, પરંતુ સોનિયા ગાંધીના નેતૃત્વ વગર આગળ ધપવા માગતાં કોંગ્રેસ પક્ષના સભ્યો પણ હાજર હતા. આમ કપિલ સિબ્બલના નિવાસસ્થાનો યોજાયેલી વિપક્ષોની બેઠકમાં ૧૯૮૨-૮૩ના જુદા જુદા રંગ જોવા મળ્યાં હતાં. આ બેઠકમાં એનડીએના સાથી પક્ષોની પણ હાજરી હતી. તેમનો ઈરાદો સ્પષ્ટ હતો કે ૨૦૨૪ની ચૂંટણીમાં ભાજપને હરાવવામાં આવે. યુપી માટે એવો આગ્રહ રાખવામાં આવ્યો હતો કે તમામ રાજકીય પક્ષો સમાજવાદી પાર્ટી-રાષ્ટ્રીય લોકદળને સમર્થન આપે અને તેમને નબળા કરવા માટે અન્ય કોઈ ઉમેદવારો ઊભા રાખવામાં આવે નહીં.

### સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા

# ગેરકાયદેસર બાયોડીઝલના વેંચાણ અંગેની રાજયમાં સૌથી મોટી રેડમાં કુલ રૂા.૬.૯૦ કરોડનો મુદામાલ જપ્ત

ગાંધીનગર તા. ૧૩

ગુજરાત રાજયમાં અનેક સ્થળોએ બાયોડીઝલનું ગેરકાયદેસર વેંચાણ થતું હોવાનું ધ્યાને આવતા સરકારશ્રી દ્વારા તમામ સંબંધીત વિભાગોને આ પ્રકારની ગેરકાયદેસરની પ્રવૃત્તિ રોકવા માટે જરૂરી કાર્યવાહી કરવા આદેશ આપવામાં આવેલ છે. જે સંદર્ભે પોલીસ દ્વારા સ્થાનિક વહીવટીતંત્ર અનો પુરવઠા ખાતાના અધિકારીઓ તથા રાજય વેરા વિભાગના અધિકારીઓની સંયુકત ટીમ દ્વારા આ પ્રકારના ગેરકાયદેસરના ધંધા ચલાવતા એકમો ઉપર રેઈડ કરવાની ખાસ ડ્રાઈવ ચલાવવામાં આવેલ હતી. ડીજીપી આશિષ ભાટીયાના આદેશ અનુસાર સ્ટેટ મોનીટરીંગ સેલ ગુજરાત રાજય ગાંધીનગર દ્વારા સુરત જીલ્લાના માંડવી પોલીસ સ્ટેશન વિસ્તારના કરંજ જીઆઈડીસી મોલવણ પાટીયા પાસે આવેલ એક ફેકટરી તથા ભાટકોલ ગામની સીમ, માંડવી-કીમ રોડ પાસે આવેલ ખુલ્લી જગ્યામાં ગેરકાયદેસર રીતે વેંચાણ અર્થે રાખેલ બાયોડીઝલ આશરે ૧,૪૨,૯૦૦ લીટર જેની કિંમત રૂા.૧,૦૭,૧૭,૫૦૦/- મળી કુલ રૂા.૬,૯૦,૭૫,૬૨૪/-નો મુદામાલ જપ્ત કરી સ્થળ ઉપરથી ૭ આરોપીઓની ધરપકડ કરી ધોરણસર કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. આમ ગુજરાત રાજયમાં ગેરકાયદેસર બાયોડીઝલની સૌથી મોટી સફળ રેડ કરવામાં આવેલ છે.

# જાતિગત વસ્તી ગણતારી અનો અનામતનાં મુદ્દે ભાજપની બેવડી નીતિ

મિડીયાને આપેલા એક ઈન્ટરવ્યૂમાં ઓમપ્રકાશ રાજભરે ૨૦૧૭માં ઉ.પ્ર. વિધાનસભાચૂંટણી પહેલા અને ત્યાર બાદ અમિત શાહ સાથે થયેલી કેટલીય વાતચીત અંગેની માહિતી શેર કરી છે. અમિત શાહ એ વખતે ભાજપના અધ્યક્ષ હતા અને તેમની એવી ખાતરી બાદ સુહેલ દેવ ભારતીય સમાજ પાર્ટીના અધ્યક્ષ રાજભર ભાજપના સાથી પક્ષ બન્યા હતા કે તેઓ રાજયમાં કોઈ ઓબીસીને મુખ્ય પ્રધાન બનાવવામાં મદદ કરશે. અમિત શાહે એવી પણ ખાતરી આપી હતી કે સરકારની રચનાના છ મહિનાની અંદર ઓબીસી આરક્ષણમાં ક્વોટા માટેની રાજભરની માગણીને મંજૂર કરશે પરંતુ હકીકત કંઈક અલગ જ જોવા મળી અને અમિત શાહની ખાતરી માત્ર વાયદા જ રહી ગઈ.

અન્ય પછાત વર્ગ એટલે કે ઓબીસી માટે ૨૭ ટકા આરક્ષણની જોગવાઈ છે અને રાજભર એવી દલીલ કરે છે કે ઓબીસીનું પણ વર્ગીકરણ ત્રણ વિભાગોમાં-પછાત, વધુ પછાત અને અતિ પછાત એમ કરવું જોઈએ. તેમનું કહેવું છે કે ઓબીસી આરક્ષણમાં અતિ પછાતનો ૧૧ ટકા, વધુ પછાતનો ૯ ટકા અને ઓબીસીમાં તુલનાત્મક રીતે સારી સ્થિતિ ધરાવનારા લોકોને ૭ ટકા ક્વોટા આપવો જોઈએ. પરંતુ સેવા નિવૃત્ત ન્યાયમૂર્તિ રાઘવેન્દ્રરકુમારની અધ્યક્ષતામાં પેટા જાતિઓ અને ક્વોટાના માપદંડો નક્કી કરવા માટે સમિતિની રચના કર્યાબાદ પણ આ વાયદો પૂરો કરવામાં આવ્યો નથી. જયારે રાજભર ફરીવાર અમિત શાહને મળ્યા ત્યારે અમિત શાહે તેમને એવું કહ્યું કે આ યોજના લાગુ કરવામાં નહીં આવે કારણ કે જો એવું થશે તો યાદવ, પટેલ અને જાટ લોકો પરેશાન થશે. ત્યારે રાજભરે પૂછયું કે જો બિંદ, નિશાદ, પ્રજાપતિ, સૈની અથવા રજભર જેવી પછાત જાતિઓ નારાજ થઈ જશે તો તેમનો દાવો છે કે અમિત શાહે તમને કહ્યું કે તેઓ તેમની ચિંતા ન કરે. રાજભરે અમિત શાહને ટાંકીને જણાવ્યું કે અમારી પાસે શરાબ અને ચિકન છે તેને ખરીદી શકાય છે. ઉ.પ્ર. વિધાનસભા ચૂંટણીમાં માંડ છ મહિના બાકી હશે અને રાજભરે ફરીથી ઓબીસી મુખ્ય પ્રધાનની પોતાની માંગણી દોહરાવી હતી. ભાજપ સાથે ફરીથી ગઠબંધન કરવા રાજભરે પાંચ શરતો પણ મૂકી છે.

ગયા મહિને કેન્દ્રીય પ્રધાન મંડળના વિસ્તારણ ઉપરથી સ્પષ્ટ થઈ ગયું કે ભાજપ હવે જાતિગત ગણિતને ઠીક કરવાની પેરવીમાં છે. સરકારે એવો પ્રચાર કર્યો છે કે કેન્દ્રમાં હવે ૨૭ ઓબીસી પ્રધાન છે જયારે ૨૦૧૯માં માત્ર ૧૩ હતા. પરંતુ તેનાથી તેના કાર્યકરો કે વિદ્વાનો પ્રભાવિત થયા હોય એવું લાગતું નથી. ભાજપ ચૂંટણી જીતવા માટે ધર્મ અને જાતિ એમ બંને પ્રકારના કાર્ડ ખેલે છે એ વાત પણ હવે જગજાહેર છે. વર્તમાન સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહે ૨૦૧૮માં જણાવ્યું હતું કે ૨૦૨૧ની વસ્તી ગણતરીમાં જાતિગત વસ્તી ગણતરી પણ સામેલ હશે. પરંતુ વર્તમાન ચોમાસું સત્રમાં સરકાર દ્વારા જણાવાયું છે કે જાતિગત વસ્તી ગણતરી કરાવવાની તેની કોઈ યોજના નથી. વિવિધ સમૂહો દ્વારા સંકલિત આંકડા દર્શાવે છે કે ઉચ્ચ જાતિના લોકોને મોટા ભાગની સરકારી નોકરી મળે છે. નરેન્દ્ર મોદીના પ્રથમ કાર્યકાળ દરમ્યાન આવી જ એક યાદીમાં દાવો કરવામાં આવ્યો હતો કે માર્ગ પરિવહન અને હાઈવે મંત્રાલયના ૭૦૦ કર્મચારીઓમાંથી ૨૫૪ એટલે કે ૩૬ ટકા બ્રાહ્મણ કર્મચારીઓ હતા. ૧૯૩૧ બાદ વિવિધ જાતિના આંકડા વસ્તી ગણતરીનો ભાગ રહ્યાં નથી. મંડલ પંચના અનુમાન અનુસાર વસ્તી ગણતરીમાં ઓબીસીની ટકાવારી ૫૨ છે.

આ આંકડાને જોતા ૭૪ ટકા ભારતીયો ઓબીસી અથવા એસસી અથવા એસટીમાં આવે છે. જો આ આંકડામાં લઘુમતીઓની ટકાવારી જોડી દેવામાં આવે તો સવર્ણો અને ઉચ્ચ જ્ઞાતિની ટકાવારી ૧૦ ટકાથી પણ ઓછી થઈ જાય. શું આ જ કારણસર સરકાર જાતિવાદ વસ્તી ગણતરીમાંથી પીછેહઠ કરી રહી છે ? કેન્દ્ર સરકારે ૨૯, જુલાઈ ૨૦૨૧ના રોજ મેડિકલ બેઠક માટે અખિલ ભારતીય ક્વોટામાં ઓબીસી માટે ૨૭ ટકા અને સવર્ણોના આર્થિ રીતે નબળા વર્ગો માટે ૧૦ ટકા આરક્ષણની જાહેરાત કરી છે. વડા પ્રધાને આ સમાચાર અંગે ટ્વીટ કરીને દાવો કર્યો હતો કે તેનાથી ૫૦૦૦ કરતાં વધુ યુવાનોને ફાયદો થશે. પરંતુ સરકાર અને મુખ્ય પ્રવાહના મીડિયાએ એ વાત છૂપાવી છે કે કેન્દ્ર સરકારે ૨૦૧૭થી એઆઈ કયુમાં આરક્ષણની મંજૂરી આપવા ઈન્કાર કરી દીધો હતો કારણ કે ડીએમકે, આરજેડી અને કોંગ્રેસ સહિત કેટલાય રાજકીય પક્ષોએ આરક્ષણની માંગણી કરી હતી. આમ દેશમાં ઓળખની રાજનીતિ બે માર્ગ ઉપર છે. પરંતુ એ પણ સ્પષ્ટ છે કે જાતિ અને જાતિ આધારીત રાજનીતિનો વરવો ચહેરો બની રહેવાનો છે. રાજભર અને અન્ય ઓબીસી નેતા કહે છે કે કોઈને ખબર નથી કે સરકારે ક્યા આધારે સવર્ણોમાં આર્થિક રીતે નબળા વર્ગો માટે ૧૦ ટકા આરક્ષણ નક્કી કર્યુ છે ? આ ઉપરાંત ઉચ્ચ જ્ઞાતિમાં પ્રતિ વર્ષ રૂા. ૮ લાખ સુધીની આવક અને ૫ એકર સુધીની જમીન ધરાવનાર પરિવારોને આર્થિક રીતે નબળા વર્ગ માનવામાં આવે છે જયારે આટલી જ આવક અને જમીન ધરાવતાં ઓબીસીને સમૃદ્ધ માનવામાં આવે છે. સરકાર ઓળખના આ જટિલ અને વિવાદી મુદ્દાને અદ્ધરતાલ રાખીનો ચૂંટણી ક્ષેત્રના સીમાંકન ઉપર ધ્યાન કેન્દ્રીત કરવા માંગે છે. પરંતુ શું સરકાર આ જે કોયડો છે તેને ઉકેલ્યાં વગર આવું કરી શકે છે ?

# લાઈવેબલ લીવર: આ લક્ષણોને નજર અંદાજ કરશો તો કેન્સર કરતા પણ ગંભીર રોગનું જોખમ



આજના સમયમાં બદલાતી જતી રહેણીકરણીને કારણે અનેક નવા રોગો ઉદભવ્યા છે. ખાવાપીવામાં પૂરતી કાળજી ન રાખવી પણ બીમારીને નોતરૂં દેવા સમાન જ છે. શરીરને સાનુકૂળ ન હોય તેવો ખોરાક પેટમાં ઠલવાય મતલબ પાચન ક્રિયામાં વિક્ષેપ ઉભો થવો. અને આ પાચન ક્રિયામાં વિક્ષેપ મતલબ આપણા પાચનતંત્રને અસર. પાચન ક્રિયામાં મહત્વનો ભાગ ભજવી તેમાંથી આર્યન, પ્રોટીન જેવા તત્વો છુટા પાડી શરીરને ઉર્જા પુરી પાડે છે અને સંતુલન જાળવી રાખે છે. આ પ્રક્રિયામાં મહત્વનો ભાગ ભજવતા આપણા લિવર અંગેવાત કરીએ તો, હાલ લીવરને લગતી ઘણી એવી બીમારીઓ છે જે લાગે તો નાની, પણ જોખમ મોટું ઉભું કરે છે.

લીવરને યકૃત તરીકે પણ ઓળખાય છે. શરીરની સૌથી મોટી ગ્રંથી અને શરીરનું સૌથી મોટું આંતરિક અંગ છે. જેટલું આ મોટું અંગ છે સામે એટલી જ મોટી સમસ્યાઓ પણ ઉભી કરી શકે છે. લીવરમાં સોજો આવવો, લિવરનું કેન્સર, લીવર સિરોસીસ વગેરે જેવી બીમારીઓનો ભોગ બનવાનું જોખમ વધી જાય છે.

જણાવી દઈએ કે, લીવર સિરોસીસએ અતિ જોખમી રોગ ગણાય છે. તેને લીવર કેન્સર પછીનો સૌથી ગંભીર રોગ ગણાય છે આમાં યકૃત ધીમે ધીમે ખરાબ થવાનું શરૂ થાય છે. યકૃતના કોષ નાસ પામે છે. તેની જગ્યાએ ફાઈબર રેસા બનવા લાગે છે. અને અંતે યકૃત નિષ્ક્રિય બની જાય છે. આ બીમારીની સારવારનો એક માત્ર વિકલ્પ લીવર ટ્રાન્સપ્લાન્ટ જ છે. જો તમને પણ નીચે મુજબના લક્ષણો દેખાતા હોય તો તેને ક્યારેય પણ નકારવા જોઈએ નહીં. અન્યથા તમે પણ અજાણ્યે જ આ બીમારીનો ભોગ બની શકો છે. તો ચાલો જાણીએ લિવર સિરોસીસના લક્ષણો વિશે.

આપણું યકૃત એક દિવસમાં અનેક કાર્યો કરવા માટે જવાબદાર છે. તે શરીરમાંથી ઝેર દૂર કરે છે, ઉત્સેચકો બનાવે છે જે આપણને ખોરાક પાચન કરવામાં મદદ કરે છે, ખાંડ અને પોષક તત્વોનો સંગ્રહ કરે છે અને ચેપ સામે લડવામાં મદદ કરે છે. જ્યારે તમારૂં લીવર કોઈ કારણસર અસરગ્રસ્ત થાય છે, ત્યારે તંદુરસ્ત યકૃતના કોષો મૃત્યુ પામે છે. લીવર સિરોસિસ ઘણીવાર યકૃતની અન્ય સમસ્યા અથવા રોગને કારણે વિકસે છે.

જો તમે યકૃતની સ્થિતિની સારવાર નહીં કરો, તો તે વધુ ખરાબ થશે અને સમય જતાં સિરોસિસમાં ફેરવાશે. અહીં કેટલાક કારણો જોઈએ જે લીવર સિરોસિસ માટે મુખ્ય જવાબદાર છે. વર્ષોથી દારૂનું સેવન, વાયરલ હિપેટાઈટિસ, અનિયંત્રિત ડાયાબિટીસ, સ્થૂળતા વગેરેપ આપણું લીવર વિટામિન કેની મદદથી પ્રોટીન બનાવે છે જે લોહી ગંઠાઈ જવા માટે જરૂરી છે. આ ઉપરાંત, જૂના અથવા ક્ષતિગ્રસ્ત રકતકણોને તોડવામાં પણ મદદ કરે છે. જ્યારે લીવર અસરગ્રસ્ત થાય છે ત્યારે તે પૂરતું પ્રોટીન બનાવતું નથી. આમ સમસ્યા વધુ ગંભીર બને છે.

**લીવર સિરોસિસના લક્ષણો**

ભૂખ ઓછી થવી અને થાકની લાગણી થવી, તાવ રહે છે, વજનમાં ઘટાડો અથવા અચાનક વજનમાં વધારો, શરીર ઉપર લાલ ફોલ્લીઓ, ત્વચા અને આંખો પીળી થવી, ચામડી ઉપર ખૂજલી, પગ અને પેટમાં સોજો, પેશાબનો રંગ ભુરો અથવા નારંગી, ઝાડામાં લોહી પડવું.

